જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શનિવાર । તા. ૨૪-૧૧-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૦૮ । છૂટક નકલ : ૩ રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

જમ્મુ અને કાશ્મીર:અનંતનાગમાં સુરક્ષાદળોએ ૬ આતંકીઓ ઠાર માર્યા

શ્રીનગર.

જમ્મુ કંશ્મીરનં અનાદનંગમાં બિઝબેહરં વિસ્દંરમાં તુરક્ંસળેં અને અંદાકવંસીએં વચ્ચે એનકંઉન્ટર માં તુરક્ંસળેએ ૬ અંદાકવંસીએંને ઠંર કર્ય છે. જણંવવંમાં અંવી રહું છે કે અં અંદાકવંસી જાગલી વિસ્દંરમાં છુપંયેલં હદાં. તુરક્ંસળેએ અં વિસ્દંરને પહેલં ઘેરી લીધેં અને પછી ૬ અંદાકવંસીએંને ઠંર કર્ય છે. જેંકે હજી તર્ચ એંપરેશન ચંલુ છે.

તેનંએ અં આગે કહ્યું છે કે અનાદનંગમાં ૬ અંદાકવંસી મંર્ય ગયં છે અને દેમની પંતેથી હથ્યિંર અને વિસ્ફેંટક પણ મળ્યં છે. અં વિસ્દંરમાં અન્ય અંદાકવંસીએં પણ છુપંયેલં છે દેવી પણ અંશાકં તેવંઈ રહી છે.



તુરક્ંસળેને દેમની હંજરીની તૂચનં મળી હદી, ત્યંરબંસ તર્ચ એંપરેશન શરૂ કરવંમાં અંવ્યુ હદુ. અં સરમિયંન બાને પક્ષેં વચ્ચે અથંડંમણ શરૂ થંઈ ગઈ. તુરક્ંસળેં અને પેંલીતે તમગ્ર વિસ્દંરને ઘેરી લીધેં છે. અટકી અટકીને ફંયરિંગ થંઈ રહું છે.

અત્રે જણંવવંનુ કે અં અગંઉ ૨૦ નવેમ્બરનં રેંજ પણ જમ્મુ અને કંશ્મીરનં શેંપિયં જિલ્લંમાં તુરક્ંસળેં અને અંદાકીએં વચ્ચે અથંડંમણ થંઈ હદી જેમાં હિજબુલ મુજાહિદ્દીનનં ચંર અંદાકીએં મંર્ય ગયં હદાં. દદ્ં તેનંનેં એક જવંન પણ શહીસ થંયેં હદેં. અથંડંમણમાં તેનંનં બે અન્ય જવંનેં પણ ઘંયલ થંયં હદાં.

પેંલીતનં એક પ્રવક્દંએ જણંવ્યુ હદુ કે શેંપિયં જિલ્લંનં નંસિગંમમાં અંદાકીએંની હંજરીની ગુમ બંદમી મળ્યં બંસ તુરક્ંસળેંએ માગળવંરે તવંરે વિસ્દંરની ઘેરંબાધી કરીને તર્ચ અભિયંન શરૂ કર્યું હદુ. દેમણે જણંવ્યુ કે તર્ચ અભિયંન સરમિયંન વિસ્દંરમાં છૂપંયેલં અંદાકીએંએ પેટ્રેંલિંગ ટુકડી પર ફંયરિંગ કર્યું હદુ.

પ્રવક્દંએ કહ્યું કે ફંયરિંગનેં જડબંદેંડ જવંબ અપંયેં અને ત્યંરબંસ અથંડંમણ શરૂ થંઈ ગઈ. શરૂઅંદનં ફંયરિંગમાં તેનંનં ૨૩ પેરંનેં એક જવંન એચ એત વિજય ઘંયલ થંયેં. દેને દરદ હેંસ્પટલ લઈ જવંમાં અંવ્યેં પરાદુ ત્યાં દેણે સમ દેંડ્યેં. ભીષ્ણ ફંયરિંગમાં ચંર અંદાકીએં પર ઠંર થંયા અને દેમનં મૃદસેહેંને પણ જમ કરંયં હદાં.

મંર્ય ગયેલં અંદાકીએંની ઓંળખ અંબિસ નઝીર ચેંપન, બશરદ નેનગ્રુ, મેહરંજુદ્દીન નજર અને મલિકજાસં ઈનંમ ઉલ હક દરીકે થંઈ હદી. દેમણે કહ્યું કે અં અંદાકીએં હિજબુલ મુજાહિદ્દીન તંથેં તાકળંયેલં હદાં અને વિસ્દંરમાં તુરક્ં તાસ્થેંનં પર થંયેલં અનેક હુમલંમાં દદ્ં લેંકે પર કરવંમાં અંવેલં અત્યંચંરની ઘટનંએંમાં તંમેલ હદાં. અત્રે યંસ રહે કે માગળવંરે પણ જમ્મુ કંશ્મીરનં શેંપિયંમાં અથંડંમળમાં તુરક્ંસળેંએ હિઝબુલ મુઝંહિસીનનં ચંર અંદાકીએંને ઠંર કર્ય હદાં. જેમાં તેનંનેં એક જવંન પણ શહીસ થંયેં હદેં.

મિટિંગમાં તોયબા, જેશના ત્રાસવાદીઓ હાજર રહ્યા

કાશ્મીર : હિજબુલે શ્રીનગરમાં ૪૭ કલાક લાંબી મિટિંગ યોજી

બેઠક બાદ કમાન્ડરનો ફોટો વાયરલ : સુરક્ષા પર સવાલ

શ્રીનગર

જમ્મુ કાશ્મીરમાં શ્રીનગરના હજરતબાલમાં ત્રણ ખતરનાક ત્રાસવાદી સંગઠનોની બેઠક યોજાઈ છે. આ બેઠક આશરે ૪૭ કલાક સુધી ચાલી હતી. બેઠક બાદ સુરક્ષા સંસ્થાઓ સાવધાન થઈ ગઈ છે. જાણવા મળેલી માહિતી મુજબ બેઠકમાં હિજબુલ મુજાહીદ્દીન, લશ્કરે તોયબા, જેશના ત્રાસવાદીઓ હાજર રહ્યા હતા. આ બેઠક મંગળવારના દિવસે યોજાઈ હોવાનુ જાણવા મળ્યુ છે. બેઠક બાદ સુરક્ષા દળો પર પણ પ્રશ્નો થઈ રહ્યા છે. એક પત્રમાં હિઝબુલ દ્વારા આ મુજબની વાત કરવામાં આવી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે તેના ૧૬ કમાન્ડરો આ બેઠકમાં હાજરી આપવા માટે પહોંચ્યા હતા. હિજબુલનુ કહેવુ છે કે તે ટુંક સમયમાં જ હજરતબાલ શ્રાઈનમાં યોજાયેલી બેઠક અંગે વિડિયો જારી કરશે. આ બેઠકમાં હાજર રહેલા હિજબુલના કમાન્ડર ઉમર એલિયાસનો ફોટો પણ જારી કરવામાં આવ્યો છે. સુરક્ષા સંસ્થાઓ આ ફોટોને બોગસ ગણાવી રહી છે. ભારતીય સુરક્ષા દળોનો સામનો કઈ રીતે કરવામાં આવે તે પાસા પર બેઠકમાં ચર્ચા થઈ હતી. તોયબાના ચાર ત્રાસવાદીઓ તેમાં હાજર રહ્યા હતા. હિજબુલના વેલી ઓપરેશન કમાન્ડર રિયાજ નાયકુએ બેઠકનુ નેતૃત્વ કર્યુ હતુ. સેફુલ્લાહ પણ બેઠકમાં હાજર રહ્યો હતો. ઉમર એલિયાસનો ફોટો ગુરૂવારે જારી કરવામાં આવ્યો હતો. જેમાં તો શ્રીનગરના ઘંટાઘરની સામે નજરે પડી રહ્યો છે.

અયોધ્યામાં સ્થિતિ બની શકે છે ચિંતાજનક

સ્થિતિ બગડવાની આશંકાના પગલે અનાજનો સંગ્રહ કરી રહ્યા છે લોકો

નવી દિલ્હી

મંદિર આંદોલનને લઈને વિશ્વ હિન્દુ પરિષદની વર્તમાન ગતિવિધિઓને જોતા અયોધ્યા અને ફૈઝાબાદ (જેનુ હાલમાં જ નામ બદલીને અયોધ્યા જ કરી દેવાયુ)માં હિન્દુ અને મુસ્લિમ પરિવારોએ આગળ સ્થિતિ ખરાબ થવાની આશંકાના પગલે રાશન (અનાજ) જમા કરવાની શરુઆત કરી દીધી છે. આ દરમિયાન વેપારીઓએ રવિવારે વીએચપી તરફથી આયોજિત થનાર ધર્મસભાનો વિરોધ કરવાનુ મન બનાવી લીધુ છે. ૬ ડિસેમ્બર, ૧૯૯૨ જેવી ઘટનાની આશંકામાં અયોધ્યાના વેપારીઓએ વીએચપીના રોડ શોનો વિરોધ કરવાનો નિર્ણય કર્યો છે. તેમની સંસ્થા સંયુક્ત વેપાર મંડળ, ફૈઝાબાદે જણાવ્યુ કે, તો રવિવારે વીએચપીની યોજાનાર ધર્મસભાનો વિરોધ કરશે અને



મુંબઈથી અહીં આવી રહેલ શિવસેના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેનો કાળા વાવટા ફરકાવી વિરોધ કરશે.વેપાર મંડળના અધ્યક્ષ જનાર્દન પાંડેએ જણાવ્યુ કે, તે લોકો ફૈઝાબાદ અને અયોધ્યાના શાંતિપૂર્ણ વાતાવરણને બગાડવા માંગે છે. તેમણે વધુમાં જણાવ્યુ કે, બન્ને શહેરોના લોકોને એવો ડર છે કે આગામી દિવસોમાં સ્થિતિ વધુ બગડી શકે છે. એટલે હિન્દુ અને મુસ્લિમ, બન્ને સમુદાયના પરિવારોએ જરુરી અનાજનો સંગ્રહ કરવાનો શરુ કરી દીધો છે. જોકે, વીએચપીની વર્તમાન ગતિવિધિઓને જોતા અયોધ્યા અને ફૈઝાબાદમાં સુરક્ષાનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.પરંતુ વીએચપીએ તમામ વિપેક્ષોની ચિંતા કર્યા વિના અહીં રોડ શો પણ યોજ્યો. વીએચપી અયોધ્યામાં રામ મંદિર બનાવવાની માંગને લઈને સામાન્ય લોકોનુ સમર્થન મેળવવાનો પ્રયત્ન કરી રહી છે. રવિવારે યોજાનાર ધર્મસભા અને શિવસેનાની ગતિવિધિઓને જોતા હાલ સમગ્ર શહેરમાં સુરક્ષાની પૂરતી વ્યવસ્થા કરી દેવાઈ છે. સમગ્ર શહેરમાં સીઆરપીએફ અને પીએસી સાથે-સાથે ઉત્તરપ્રદેશ પોલીસને પણ તૈનાત કરવામાં આવી છે. સુત્રોનું કહેવુ છે કે, રામ જન્મભૂમિની અંદર અને બહાર વધુ સુરક્ષાદળોની તૈનાતી કરવામાં આવી છે.



કોઈ આપે ઓછો ભાવ કે ઓછી મજુરી પણ સૌથી સસ્તું તો આપે એક જ

આર.એ.પરીખ જવેલર્સ બીલીમોરા (પશ્ચિમ)

એન્ટીક, જડતર, કલકત્તી, પ્લેઈન ગોલ્ડ, રોઝ ગોલ્ડ, રીયલ ડાયમંડની અસંખ્ય ડિઝાઈનો

વર્લ્ડ-ક્લાસ બ્રાંડસ, સંપૂર્ણ પારદર્શિતા

મો. ૯૬૨૪૧૧૧૮૯૯

નર્મદા પોલીસે જીલ્લાનાં ૫૩૨ આદિવાસી યુવાન યુવતીઓને પોલીસ તાલીમ દ્વારા ભરતી માટે તૈયાર કરવાનું બીડું ઝડપ્યું





ગુજરાત સરકારનાં ગૃહ વિભાગ હેઠળ રીત અને સુરક્ષા સેતુ સોસાયટી નર્મદા જીલ્લા પોલીસ દ્વારા આયોજિત પોલીસ ભરતી પૂર્વ તાલીમ શિબિર (નિ:શુલ્ક) માં અગાઉની ૨ તાલીમ વર્ગોનાં આયોજનમાં ૧૦૦૦ કરતા વધુ યુવક યુવતીઓએ ભાગ લઈને આયોજનબદ્ધ તાલીમ લઇ ૨૦૫ થી વધૂ વિધ્યાર્થીઓએ સફળતા મેળવેલ છે. હવે આ વર્ષે પણ નર્મદા પોલીસ દ્વરા સુરક્ષા સેતુ સોસાયટીનાં માધ્યમ થકી નર્મદા જીલ્લાનાં ૫૩૨ આદિવાસી યુવાન યુવતીઓ કે જેઓને ગુજરાત પોલીસમાં જોડાવા માટે ઉચ્ચ કક્ષાની તાલીમ દ્વારા ભરતી માટે તૈયાર કરવાનું બીડું ઝડપ્યું છે. સદર તાલીમમાં તમામ લાભાર્થીઓને ૭ કલાકની તાલીમ આપવાની સાથે તમામને ચા-નાસ્તો પણ આપવામાં આવે છે.

સામાન્ય રીતે નર્મદા જીલ્લામાં નોકરી માટેની ભરતીમાં યુવાનો યુવતીઓ જોડાવા માટે હંમેશા આતુર રહેતા હતા પરંતુ આયોજનબદ્ધ અને વૈજ્ઞાનિક ઢબની તાલીમ થી તેઓ વંચિત રહી જતા હતા પરિણામે નર્મદા જીલ્લાના ઉમેદવારો ભરતી થઈ શકતા ન હતા ત્યારે દીર્ઘદ્રષ્ટી ધરાવતા પોલીસ અધિક્ષક મહેન્દ્ર બગડીયાનાં માર્ગદર્શનમાં મદદનીશ પોલીસ અધિક્ષક અચલ ત્યાગી તેમજ નાયબ પોલીસ અધિક્ષક (મુખ્ય મથક) ચેતનાબેન ચૌધરીની નિગરાની હેઠળ સમગ્ર પોલીસ ટીમનાં સ્તુત્ય - યાસોને કારણે આ યુવાન અને યુવતીઓને દરરોજ ૭ કલાકની તાલીમ નિ:શુલ્ક તાલીમ આપવામાં આવી રહી છે, ત્યારે હાલમાં ગત અઠવાડિયાથી તાલીમનો બીજો તબક્કો શરુ કરવમાં આવ્યો છે. જેમાં અનુભવી અને નિષ્ણાંત વિષય શિક્ષકો દ્વારા સામાન્યજ્ઞાન ગુજરાતી, અંગ્રેજી અને કાયદાની - ાથમિક તાલીમ આપી સજ્જ કરવામાં આવી રહ્યા છે.

પોલીસ અધિક્ષક મહેન્દ્ર બગડીયાએ એક વાતચીત માં જણાવ્યું હતું કે, પોલીસ ભરતી પૂર્વ તાલીમ શિબિર જે તદ્દન નિ:શુલ્ક છે જેના થકી તાલીમ પામેલા અને ખાસ કરીને આદિવાસી યુવાન યુવતીઓ પોલીસ તંત્રમાં વધુ ને વધુ સંખ્યામાં ભરતી થાય તે માટે આ શિબિર નું આયોજન સુરક્ષા સેતુ સોસાયટીનાં માધ્યમ થી નર્મદા પોલીસે ઘડી કાઢયું છે અને અમે વધુ ને વધુ આદિવાસી યુવાન અને યુવતીઓને રોજગારી મળી રહે તે દિશામાં -યત્ન કરવા માટે કટીબદ્ધ છીએ.

નાયબ પોલીસ અધિક્ષક ચેતનાબેન ચૌધરીએ એક જણાવ્યું હતું કે,પોલીસ ભરતી પૂર્વ તાલીમ શિબિરને અભૂતપૂર્વ -તિસાદ મળી રહ્યો છે અને એ જોતા હજુ આગામી સમયમાં પણ આજ -કારે શિબિરનું આયોજન પણ થતુ રહેશે. જેમાં પણ હજુ બાકી રહેલા ઉમેદવારો અને તેમાં પણ ખાસ કરીને આદિવાસી યુવાન યુવતીઓનો સમાવેશ કરી લેવાશે. જે બીજી બેચ માટેના અરજી ફોર્મ ટુંક સમયમાં જ મળવાના ચાલુ થશે. જેની સૌએ નોંધ લેવી.નર્મદા પોલીસે જીલ્લાનાં ૫૩૨ આદિવાસી યુવાન યુવતીઓને પોલીસ તાલીમ દ્વારા ભરતી માટે તૈયાર કરવાનું બીડું ઝડપ્યું

જસદણ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી

૨૦ ડિસેમ્બરે મદસંન અને ૨૩ ડિસેમ્બરે મદગણદરી

રાજકોટ

ભાજપ અને કોંગ્રેસ બંને જસદણ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે કમર કસી રહ્યાં છે ત્યારે આજે જસદણ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયો છે. આ કાર્યક્રમ પ્રમાણે જસદણમાં ૨૦ ડિસેમ્બરે મતદાન થશે અને ૨૩ ડિસેમ્બરે મતગણતરી હાથ ધરાશે. આ પેટાચૂંટણી માટે ૨૬ નવેમ્બરે સત્તાવાર રીતે જાહેરનામું બહાર પડાશે. જસદણમાં ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લ તારીખ ૩ ડિસેમ્બર છે જ્યારે ૪ ડિસેમ્બરે ઉમેદવારીપત્રોની ચકાસણી થશે. ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ ૬ ડિસેમ્બર છે. આ જાહેરાત થતાં જ રાજકીય રીતે ગરમીનો માહોલ વ્યાપી ગયો છે. કોંગ્રેસના ધારાસભ્ય પદેથી કુંવરજી બાવળીયાએ રાજીનામું આપતા ખાલી પડેલી જસદણ વિધાનસભાની બેઠકની પેટાચૂંટણી ભાજપ અને કોંગ્રેસ બંને માટે પ્રતિષ્ઠાનો જંગ છે. ચૂંટણી પંચનાં સૂત્રોના જણાવ્યા અનુસાર ૨૬ ડિસેમ્બર પહેલા જસદણ વિધાનસભાની પેટા ચૂંટણી માટેની તમામ પ્રક્રિયાને આપી લેવાશે જસદણ બેઠક પર ૨.૩૦ લાખથી વધુ મતદારો છે. અહી કોળી સમાજનુંપ્રભુત્વ છેઅને ૮૦હજાર કોળી મતદારો છેજ્યારે ૫૦હજાર પાટીદાર મતદારો છે. જસદણની બેઠક રાજકોટથી નજીક છે. રાજકોટ બેઠક સીએમ વિજય રૂપાણીએ જીતેલી છેએટલે કે જસદણની બેઠક જીતવી એ વિજય રૂપાણી તેમજ ભાજપ માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે.

દારૂબંધી અંગે સરકાર ની બેધારી નીતિ ને પરીણામે ખાનગી બુટલેગર વધ્યા!?

ગુજરાત સરકાર ની દારૂબંધી ની તઘલગી નીતિ ને પરિણામે કહેવાય છે આરોગ્ય ની પરમીટ પર દર્દી ને મળતા દીારૂ નો ભાવ બેવડો કરી નાખતા દર્દીઓ પાસે બે વિકલ્પ રહ્યા કયાતો દારૂ બુટલેગર પાસે થી લેવો અથવા જાતે પર-ાંત માં જઈ પોતાના વપરાશ નો દારૂ ખાનગી રીતે સામટો લઈ આવવો આમ કરતા કરતા એવા લોકો ખર્ચો કાઢવા બીજાને ચુપકે ચુપકે વેચવા લાગ્યા.બીજી તરફ આરોગ્ય પરમીટ છેલ્લા માર્ચ માસ થી રીન્યુ ન થતી હોવાથી ખાનગી દારૂ લાવનાર ને ગ્રાહકો મલી રહેતા હોવાનું ચર્ચાય છે.

સરકાર દ્વારા લિસ્ટેડ બુટલેગર પર તવાઈ ને કારણે પોલીસ ખાનગી કે નવા બનેલ પોશ બુટલેગર થી અજાણ હોય એ સ્વભાવિક છે આમ સરકારનીજ નીતિ રીતિ થી ગુજરાત માં નવા દારૂના ખેપિયા ઉભા થયા હોવાનું ચર્ચાય છે ત્યારે આ સ્થિતિ માં સરકાર કેવા પગલાં ભરશે તે જોવું રહ્યું

સીંધોત ગામ થી કરમાલી ગામ વચ્ચે રોડની સાઈડમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી

ભરૂચ

જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાની સુચના મુજબ ભરૂચ એલ.સી.બીના પો.ઈન્સ એસ.સી.તરડે નાઓના સુચના તથા પો.સ.ઈ.કે.જે.ધડુક સાહેબના માર્ગદર્શન મુજબ જજીલ્લા મા દારૂ જુગારની - વૃતિ નેસ્તનાબુદા કરવા જીલ્લામાં અલગ અલગ ટીમોની રચના કરવામાં આવેલ જે અનુસંધાને



પો.સ.ઈ.એ.એસ.ચૌહાણ તથા પો.સ.ઈ.વાય.જી.ગઢવી તથા ટીમના પોલીસ માણસો સાથે ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા દરમયાન બાતમી મળેલ કે, સીધોત થી કરમાલી ગામ જવાના રસ્તા વચ્ચે રોડની બાજુમાં આવેલ ઝાડીમાં ઈંગ્લીસ દારૂ કાલીદાસ નાગજીભાઈ વસાવા રહે. નિકોરા ગામ તા.જી.ભરૂચ નાઓએ મુકેલ છે જે બાતમીવાળી જગ્યાએ જતા રોડની ડાબી બાજુમાં ઝાડીમાં એક મીણીયા તાડપટડી ઓઢાડેલ દેખાતા તાડપટડી ખોલી જોતા દારૂના પાંચ તથા કાવટરની પેટી નં.૭ તથા એક પેટીમાં ક્વાટર નં.૨૦ જે ૧૮૦મી.લી.ના ક્વાટર તથા પાંઉચ કુલ નંગ-૩૫૬ ની કુલ કિ.રૂ.૧૭,૮૦૦/- નો મુદ્દમાલ પકડી કાયદેસર કાર્યવાહી કરેલ છે જે અંગેની આગળની તપાસ નબીપુર પો.સ્ટે. ચલાવી રહેલ છે

કોર્ટે સજા કરેલ અને નાસતા ફરતા આરોપીને પકડી પાડતી ભરૂચ તાલુકા પોલીસ

ભરૂચ.

ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા નાઓની સુચના તેમજ તથા નાયબપોલીસ અધિક્ષક એમ.પી.ભોજાણી નાઓ દ્વારા ભરૂચ જીલ્લાનાં નામદાર કોર્ટે સજા ફટકારેલ આરોપીઓને પકડી પાડવા માટે સુચના તેમજ માર્ગદર્શન હેઠળ ત્રીજા એડીશનલ સિવીલ જ્યુ.ફ.ક. મેજી.કોર્ટ ભરૂચના ૯.૮૫૦. ૩૮૧૨/૨૦૧૮ ધી. નેગોશીયલ ઈન્સટુમેન્ટ એક્ટ કલમ ૧૩૮ મુજબના કામનાં આરોપી ઉસ્માન યુસુફભાઈ પટેલ રહેવાસી ત્રાલસા કોઠી તા,જી.ભરૂચ નાઓને શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવીને છ માસની સજાનો હુકમ તા.૨૪/૦૯/૨૦૧૮ થી કરવામાં આવેલ હોય જે હુકમ આધારે મજકુર આરોપી નાસતો ભાગતો હોય આજરોજ ખાનગી બાતમી હકીકત આધારે પકડી કાયદેસરની કાર્યવાહી કરી સદરહુ આરોપી ઉસ્માન યુસુફભાઈ પટેલને ભરૂચ જીલ્લા સબ જેલ ખાતે મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.ઉપરોક્ત કામગીરી ભરૂચ તાલુકા પો.સ્ટે.ના પી એસ આઈ બી.ડી.વાઘેલા તથા ટીમ દ્વારા કરવામાં આવી હતી

અમદાવાદ ડિવિઝન દ્વારા હાથ ધરાયુ મોકડ્રિલ

સાબરમતી રેલવે સ્ટેશન પર મોકડ્રિલનુ આયોજન કરાયુ

મોકડ્રિલ રેલવે વહિવટી તંત્ર દ્વારા તથા અન્ય વિભાગ દ્વારા સતર્કતા-જાગૃતિ ચકાસવા માટે કરવામાં આવે છે

અમદાવાદ

આજે શહેરના સાબરમતી રેલવે સ્ટેશન પર અમદાવાદ ડિવિઝન દ્વારા એક મોકડ્રિલનુ આયોજન કરવામાં આવ્યુ હતું. સવારના સમયમાં કન્ટ્રોલ રુમમાં સંદેશ પ્રસારીત કરવામાં આવ્યો હતો કે ગુડ્ઝ ટ્રેન સાથે એક બસ ટકરાઈ છે જેમાં કેટલાક પ્રવાસીઓ ઘાયલ થયા છે, તથા રેલવે વ્યવહાર પણ પ્રભાવિત થયો છે. આ સૂચના પ્રસારીત થતાની સાથે જ સંબંધિત વિભાગ તરત જ



સક્રિય થઈ ગયો હતો. તે સાથે જ રાજ્ય વહિવટી તંત્રના અધિકારીઓ, એમ્બુલન્સ તથા એલવેની અકસ્માત રાહત મેડિકલ ઈક્વીપમેન્ટ વાન ટ્રેન અને ઈમરજન્સી ટીમ ડોક્ટર્સ સાથે તરત જ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ડિવિઝનલ રેલવે મેનેજર દિનેશકુમાર તથા અન્ય વિભાગીય અધિકારીઓ તરત જ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. આ પ્રકારની મોકડ્રિલ રેલવે વહિવટી તંત્ર તથા અન્ય વિભાગો દ્વારા સતર્કતા તથા તેમની જાગૃતિ ચકાસવા માટે કરવામાં આવે છે. આ મોકડ્રિલમાં બધી જ વ્યવસ્થા યોગ્ય રીતે કરવામાં આવે છે.

એફઆઈએ સરકારને પત્ર લખ્યો

નંનં અને મધ્યમ ઉદ્યોગેની સ્થિંદિ કથંળદી જાય છે

અમદાવાદ

ગુજરાતમાં ૪ લાખ નાના અને મધ્યમ કદના ઉદ્યોગોની સમસ્યાઓનો ઉકેલ લાવવાને બદલે તેમણે આ અંગેની રજૂવાત સામે ધ્યાન નથી આપ્યું. જેના કારણે ૪૦ લાખ જેટલા લોકોની રોજીરોટી સામે ખતરો મંડરાઇ રહ્યો છે. આ અંગેની ફરિયાદ નોંધવામાં આવી છે. ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોશિએશનને ફરિયાદ કરી છે. જેમાં કહેવામાં આવ્યું છે કે ગુજરાત સરકાર વિદેશી સાહસિકોને પ્રાધાન્ય આપે છે પરંતુ સ્થાનિક નાના અને મધ્યમ ઉદ્યોગો સામે ધ્યાન આપતી નથી. તેમના કામમાં વિલંબ કરે છે. જેના કારણે ઉદ્યોગો જીઆઈડીસીમાં પ્લોટ બુક કરાવે તે પછી વર્ષો સુધી તેમને મંજૂરી ન મળતા તેમના ઉદ્યોગ ચાલુ નથી કરી શકતા. જેના કારણે નાના અને મધ્યમ સાહસિકોની હાલત કફોડી બની રહી છે. એકબાજુ સરકાર કરોડો ખર્ચીને વાઈબ્રન્ટ ગુજરાતનો કાર્યક્રમ ચલાવે છે પરંતુ બીજી બાજુ સ્થાનિક સાહસિકોની અરજીઓ પર પણ નજર નથી કરતી. આવી બેવડી નીતિને કારણે સ્થાનિક નાના અને મધ્યમ ઉદ્યોગોને મદદ મળતી નથી.

સરકાર ઉપરાંત જીઆઈડીસી ના સત્તાવાળા ઓ પણ આ અંગે ગંભીરતા દાખવતા નથી. જેના કારણે સ્થાનિક ઉદ્યોગો મરવાના આરે આવી જાય છે. સરકાર આ બાબતમાં કોઇ પગલા નહી લે તો આગામી ૧૬ ડિસેમ્બરે ગુજરાતના ઉદ્યોગો એક થઈને એક અધિવેશન યોજશે. તેમની સમસ્યાઓનું વિગતવાર આવેદન પત્ર લખીને સરકારને આપશે.

ગોવા ફોરવર્ડ પાર્ટીના પ્રમુખ-રાજ્યના કૃષિ મંત્રીનો દાવો

મુખ્યમંત્રી પર્રિકર રાજીનામું આપવા માંગતા હતા,ભાજપ હાઈકમાને રોક્યા

પણજી

બીમારી સામે ઝઝૂમી રહેલા મુખ્યમંત્રી મનોહર પર્રિકર પોતાના પદ પરથી ત્યાગપત્ર આપવા માંગતા હતા, પરંતુ હાઈકમાને તેમણે આવું કરતા રોક્યા હતા. ગોવા ફોરવર્ડ પાર્ટીના પ્રમુખ અને રાજ્યના કૃષિ મંત્રી વિજય સરદેસાઇનો દાવો છે કે પાર્રિકર મુખ્યમંત્રી પદ છોડવા માંગતા હતા.

સરદેસાઈએ કહ્યું કે, જ્યારે તે ગણેશ ચતુર્થી પર્વ પર હોસ્પિટલમાં દાખલ થયા તો તેમણે પોતાના તમામ મંત્રાલય અન્ય મંત્રીઓને સોંપવાની ઇચ્છા વ્યક્ત કરી હતી, પરંતુ ત્યારબાદ ઘણી ચીજો બની. ભાજપા હાઇકમાને તેમાં હસ્તક્ષેપ કર્યો. ત્યાગપત્ર આપવું કે ન આપવું તે પુરી રીતે તેમના (પાર્રિકર)ના હાથમાં નહોતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાર્રિકર અગ્નેયાશયની બિમારીથી પીડિત છે અને નવી દિલ્હીના એમ્સમાંથી તેમણે ૧૪ ઓક્ટોબરે રજા આપવામાં આવી હતી, ત્યાથી તે ઘર પર આરામ કરી રહ્યા છે. એક સવાલના જવાબમાં તેમણે સ્વીકાર્યું છે કે, સરકારના કામકાજ પર પાર્રિકરની ખરાબ સ્વાસ્થ્યની અસર પડી છે.

ભુજની જી.કે.જનરલ હોસ્પિટલના કર્મચારીએ હોસ્પિટલમાં જ આપઘાત કર્યો

ભુજ

ભુજ કચ્છ ભુજની જી.કે.જનરલ હોસ્પિટલના એચ.આઇ.વી. વિભાગમાં કામ કરતા કર્મચારીએ હોસ્પિટલમાં જ પોતાનું જીવન ટુંકાવ્યું. ભુજ જી.કે. જનરલ હોસ્પિટલમાં નોકરી કરતા કર્મચારીએ આજે સવારે ચાલુ નોકરી દરમિયાન આપઘાત કરી લેતા ભારે સનસનાટી ફેલાઇ છે. આ બનાવ અંગે જી.કે.જનરલ હોસ્પિટલના ચોકીના પોલીસકર્મીઓ તાત્કાલિક અસરથી બનાવના સ્થળે દોડી જઇ આપઘાત કરનાર યુવાનના મુતદેહને પીએમ માટે મોકલી દેવામાં આવેલ છે. મુત્યુ પામનાર યુવાન જી.કે.જનરલ હોસ્પિટલમાં રુમ ન.૧૧૫માં એચ.આઇ.વી. વિભાગમાં નોકરી કરતો હતો. તેમણે રૂમ નંબર ૧૧૦ માં આજે સવારે આપઘાત કરી લીધો હતો. મુત્યુ પામનાર યુવાને ૧૦ કલાકે ઝેરી દવા પીને પોતાનું જીવન ટુંકાવ્યું હતું. મુત્યુ પામનાર યુવાનનું નામ કુવરજી લક્ષ્મણ વેકરીયા રહે. ફાલ્ગુની એપારમેન્ટ જુબેલી ગ્રાઉન્ડ સામે રહેતો હોવાની વિગતો -કાશમાં આવી છે.

કોંગ્રેસ નેતાની જીભ લપસી

રાજ બબ્બરે મોદીની માતાને લઈ આપ્યુ વિવાદાસ્પદ નિવેદન

રુપિયો આજે વડાપ્રધાન મોદીની માતાની ઉંમરની નજીક તુટવાનો શરુ થઈ ગયો છે : કોંગ્રેસ નેતા રાજ બબ્બર

નવી દિલ્હી

મધ્યપ્રદેશમાં વિધાન સભાની ચુંટણીને લઈને પ્રચાર અભિયાન જોરશોર પર ચાલી રહ્યુ છે. રાજયની ૨૩૦ વિધાનસભા બેઠકો માટે ૨૮ નવેમ્બરે મતદાન થવાનુ છે, એવામાં નેતા પોતાના ચુંટણી પ્રચારમાં કોઈ કસર છોડવા માંગતા નથી. ચુંટણી માહોલમાં વિવિધ પક્ષો એકબીજા પર આરોપ પ્રત્યારોપ લગાવી નિશાન સાધી રહ્યા છે. ત્યારે આ દરમિયાન કેટલાક નેતાઓ વિવાદાસ્પદ નિવેદનો પણ



આપી રહ્યા છે. કોંગ્રેસના દિગ્ગજ નેતા અને ઉત્તરપ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ રાજ બબ્બરે ચુંટણી સભાને સંબોધતા પોતાની જીભ પર કાબુ ગુમાવી વિવાદાસ્પદ નિવેદન આપી દીધું. કોંગ્રેસના આ દિગ્ગજ નેતાએ ચુંટણી સભા દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીની માતાને લઈને વિવાદાસ્પદ નિવેદન આપ્યુ છે. ઈંદૌરમાં એક રેલીને સંબોધતા રાજ બબ્બરે જણાવ્યુ કે, જ્યારે તે (પીએમ મોદી) કહેતા હતા કે ડોલર સામે રુપિયો આટલો તુટી ગયો કે તે સમયે પીએમની ઉંમર બતાવીને કહેતા હતા કે તેમની ઉંમરની નજીક જઈ રહ્યો છે. આજે રુપિયો તમારી પૂજનીય માતાજીની ઉંમરની નજીક તૂટવાનો શરુ થયો છે. રાજ બબ્બરના આ નિવેદનની ભારે ટીકા થઈ રહી છે. રાજ બબ્બરના આ નિવેદને કોંગ્રેસની મુશ્કેલી પણ વધારી દીધી છે.

સોનાનો દોરો મફત આપવાનું કહી યુવકે મહિલા સાથે અડપલાં કર્યા

અમદાવાદ

છેલ્લા ઘણા સમયથી શહેરમાં મહિલાઓની અસલામતી વધી રહી છે. આજે પણ એક આવો જ છેડતીનો કિસ્સો બહાર આવ્યો છે. અમરાઈવાડીમાં એક મહિલાને મફતમાં સોનાનો દોરો આપવાનું કહી સોનાના વેપારીએ છેડતી કરી હોવાની ઘટના સામે આવી છે. આ અંગે મળતી માહિતી મુજબ, અમરાઇ વાડીમાં આવેલી વહાણવટી જવેલર્સ માં ખરીદી કરવા ગયેલી મહિલા સાથે જવેલર્સ શોપના માલિક સાકળચંદ પ્રજાપતિ નામના શખ્સે 'તું મને ખૂબ જ ગમે છે, તું મને શરીરસુખ માણવા દે તો હું તને દોરો મફત આપી દઈશ' કહી અડપલાં કર્યા હોવાની અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

આ મહિલાની ફરિયાદ મુજબ, ×છેલ્લા ૧૦ વર્ષથી અમરાઈવાડીમાં આવેલી શ્રી વહાણવટી જવેલર્સમાંથી ખરીદી કરતી હોવાથી તેના માલિક સાંકળચંદ પ્રજાપતિને ઓળખું છું. બે-ત્રણ મહિના પહેલા ગીરવે મૂકેલી પાયલનું વ્યાજ આપવા અને સોનાની ચેન ખરીદવાની હોવાથી હું તેમની દુકાને ગઈ હતી.×

×આ દરમિયાન સાકળચંદે બીજા સોનાના દોરા ઉપલા માળે હોવાનું કહી મને ઉપર લઈ ગયા, જ્યાં તેમણે પાછળથી મારી છાતીનો ભાગ પકડી લીધો અને મને કહ્યું કે, તું મને ખૂબ જ ગમે છે, તું મને શરીરસુખ માણવા દે તો હું તને દોરો મફત આપી દઈશ. આવું કહી મને બાથમાં લઈ મારા ગાલ પર ચુંબન કરી, પલંગમાં સુવાડી મારા કપડાં ઉતારવાનો પ્રયાસ કરેલો. તેથી હું તેને ધક્કો મારી ઊભી થઈ ગઈ અને તમને શરમ નથી આવતી એવું કહી નીચે આવી ગઈ હતી. ''

''ત્યારબાદ મેં સાંકળચંદના પુત્ર નિતીનભાઈને બાજુમાં બોલાવી હકિકત જણાવી હતી. નિતીનભાઈએ મને ધમકાવતા કહ્યું કે, જે થયું તે ભૂલી જજે અને ફરિયાદ કરીશ તો મારી નાખીશ.×

વ્યાજે આપેલ પૈસા બાબતે કરાઈ હતી હત્યા

રાણીપ : વૃદ્ધની હત્યા કરનાર બે સગા ભાઈઓની ધરપકડ

વ્યાજ પર રુપિયા ફેરવવા આપ્યા બાદ આરોપીઓ રુપિયા પરત ન કરતા વૃદ્ધની હત્યા કર્યા હોવાનુ સામે આવ્યુ છે

અમદાવાદ

અમદાવાદના રાણીપ વિસ્તારમાં એક વૃદ્ધની હત્યા કેસમાં રાણીપ પોલીસે બે સગા ભાઈઓની ધરપકડ કરવામાં સફળતા મેળવી છે. વ્યાજ પર રુપિયા ફેરવવા આપ્યા બાદ આરોપીઓ રુપિયા પરત ન કરતા વૃદ્ધની હત્યા કર્યા હોવાનુ સામે આવ્યુ છે. આ મામલે રાણીપ પોલીસે હાલ બન્ને આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે રાજેશ કુમાર શાહ અને પોપટલાલ શાહ બન્ને સગાભાઈઓની ધરપકડ કરી છે. આ બન્ને ભાઈઓ ઉપર પંકજ શાહ નામના એક વ્યક્તિની હત્યા કરવાનો આરોપ છે. થોડાક દિવસો પહેલા રુપિયાની લેતી-દેતી મામલે આ બન્ને ભાઈઓએ પંકજ શાહની હત્યા કરી નાખી હતી અને ફરાર થઈ ગયા હતા. બુધવારે અડાલજ પોલીસે બાતમીના આધારે બન્ને ભાઈઓની ધરપકડ કરી હતી અને ત્યારબાદ રાણીપ પોલીસને સોંપ્યો હતો. પોલીસે બન્ને આરોપીઓની ધરપકડ કરી તપાસ શરુ કરી હતી. મળતી માહિતી મુજબ રુપિયાની અદાવતમાં આરોપીઓએ હત્યા કરી હતી અને આરોપી અને મરનારર બન્ને દૂરના સગાઓ પણ થાય છે. રાણીપ પોલીસ સ્ટેશનના પીઆઈ જેજી પટેલના જણાવ્યા મુજબ અમારા વિસ્તારમાં રહેતા પંકજ શાહની હત્યા કેસમાં બે ભાઈઓની ધરપકડ કરી છે અને આરોપીઓ અને મરનાર દૂરના સગાઓ થાય છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યુ કે, મરનાર ધંધો કરતા હતા.

યુવકની યુવતીઓ સાથેની બીભત્સ તસવીરો ફેસબુક પર મૂકાતા ફરિયાદ

અમદાવાદ

વાડજમાં રહેતા અને ફાઈનાન્સનો વ્યવસાય કરતાં યુવકે ફરિયાદ નોંધાવી છે કે અજાણી વ્યક્તિએ ફેક આઈડી બનાવી તેની બદનામી કરી છે. યુવકની યુવતીઓ સાથે બીભત્સ તસવીરો ફેસબુક પર પોસ્ટ કરી બદનામી કરવાનો આરોપ છે. વાડજ પોલીસે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.

પોલીસ ફરિયાદમાં વિજયભાઈ બાબુભાઈ સોનારાએ જણાવ્યું કે, મારી પર સોનારા સોનારા નામના ફેસબુક આઈડી પરથી ફ્રેન્ડ રિકવેસ્ટ આવી હતી. જેને મેં સ્વીકારી નહોતી. તેમ છતાંય સોનારા સોનારા ફેસબુક આઈડી ધરાવનારે મારા ફેસબુક પેજ પરથી ફોટો ડાઉનલોડ કરી તેને પોતાના એફબી આઈડી પર અપલોડ કરેલા. મારા ફોટો કોઈ છોકરીઓ સાથે અપલોડ કરેલા સાથે બીભત્સ લખાણ પણ પોસ્ટ કરવામાં આવ્યું હતું. મારા સમાજના સોનારા ફ્રેન્ડે ફેસબુક પર આ તસવીરો જોઈ અને મને જાણ કરી હતી.

વિજય સોનારાએ ફરિયાદમાં વધુમાં કહ્યું કે, આ ઉપરાંત એક મોબાઈલ નંબર ઉપરથી મારા વિશે બીભત્સ લખાણ લખેલા અન્ય છોકરીઓ સાથેના ફોટોના સ્ક્રીનશોટ મોકલવામાં આવ્યા હતા. આ પ્રકારે મારા ફોટાનો ખોટો ઉપયોગ કરી બીભત્સ લખાણ લખી મારી બદનામી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

કાર્તિકી પૂર્ણિમા નિમિતે શામળાજીમાં બે લાખથી વધુ ભક્તો ઉમટ્યા



અરવલ્લી

અરવલ્લી જીલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી ખાતે પરંપરાગત કાર્તિકી પૂર્ણિમાએ ભરાતો શામળાજીનો મેળો ભરાયો છે. ચૌદશ અને પૂર્ણિમાએ ભરાયેલા મેળામાં બે લાખથી વધુ ભક્તો ઉમટયા છે. હજારો ભક્તોએ નાગધરા કુંડમાં સ્નાન કરી ભગવાન શામળીયાના દર્શન કરી માનતાઓ પૂરી કરી.

રાજયમાં ભરાતા વૌઠા ,તરણેતર, કાત્યોક સહીતના ભાતીગળ મેળાઓમાં સ્થાન ધરાવતો એવો શામળાજીના મેળાનો ગુરુવારથી પ્રારંભ થયો છે. વર્ષો પહેલા સળંગ એક માસ ભરાતો આ મેળો વસ્તુ વિનિમયનો કેન્દ્ર હતો. ત્યારે સમય જતા આ મેળો હાલ માત્ર બે દિવસનો થઇ ગયો છે.

દર વર્ષે કારતક સુદ ચૌદશ અને પૂર્ણિમા એમ બે દિવસ ભરાતા આ મેળામાં સમગ્ર રાજય સહીત પાડોશી રાજય રાજસ્થાન અને મહારાષ્ટ્રનાં અંતરિયાળ ગામડાઓ માંથી લાખ્ખોની સંખ્યામાં ભક્તો આવે છે. ત્યારે મેળાના બીજા પૂર્ણિમાના દિવસે યાત્રાધામ ખાતે એક લાખથી વધુ સંખ્યામાં ભક્તો ઉમટયા હતા.

આ મેળામાં આવતા ભક્તો માટે મેશ્વો ડેમની તળેટીમાં આવેલા નાગધરા કુંડમાં સ્નાન કરવાનું અનેરૂ મહત્વ હોવાને કારણે હજારો ભક્તોએ વહેલી સવારે નાગધરા કુંડમાં આસ્થાની ડૂબકી લગાવી સ્નાન કર્યું હતું અને ત્યારબાદ ભગવાન શામળીયાના દર્શન કરી પોતાની માનતા પૂરી કરી હતી.

આ લોકોનાં મતે આ નાગધરા કુંડમાં સ્નાન કરવાથી ભૂત, પ્રેત, વળગાડ જેવી આસુરી શક્તિઓની ચુંગાલ માંથી છુટકારો અને અસાધ્ય રોગ માંથી પણ મુક્તિ મળતી હોવાની માન્યતા છે. ત્યારે ચૌદશ અને પૂર્ણિમા એમ બે દિવસ ભરાયેલા મેળામાં બે લાખ કરતા વધુ ભક્તોએ શામળીયાના ચરણોમાં શીષ નમાવી પોતાની જાતને ધન્ય બનાવી હતી.

સીએમ રૂપાણી દ્વારા ૪૫માં રાષ્ટ્રીય ગણિત વિજ્ઞાન પ્રદર્શન-૨૦૧૮નો શુભારંભ

અમદાવાદ

અમદાવાદના નવરંગપુરા સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે રાષ્ટ્રીય ૪૫મુ જવાહરલાલ નહેરુ રાષ્ટ્રીય ગણિત વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન ૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યુ હતું. ગુજરાત રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા શુભારંભ કરાવ્યુ.

આ પ્રદર્શનમાં ભુપેન્દ્રસિંહ ચુડાસમા, વિભાવરીબેન દવે, ડો. કિરીટભાઈ સોલંકી, મેયર બીજલબેન પટેલ, કોર્પોરેશન કમીશનર વીજય નહેરા સહીતના મહાનુભાવો હાજર રહ્યા હતા.

સી.એમ વિજય રુપાણી દ્વારા ગણિત તથા વિજ્ઞાન મેળાને ખુલ્લુ મુકાયુ હતુ. વિજય રુપાણીએ ગણીત વિજ્ઞાન મેળાનુ નીરિક્ષણ કર્યુ. ૨૨ રાજયોમાંથી સ્કુલના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામા આવ્યા. ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ સંબોધન કર્યુ. ત્યારે સીએમએ કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા.





બાવળિયાએ કોંગ્રેસ પાર્ટી સાથે વિશ્વાસઘાત કર્યો : અમિત ચાવડા

રાજકોટ

જસદણ પેટા ચૂંટણી ૨૦ ડિસેમ્બરના રોજ યોજાનાર છે. ત્યારે જસદણમાં ભાજપના સ્નેહમિલનમાં ૧૦૦થી વધુ કોંગ્રેસના કાર્યકરો ભાજપમાં જોડાયા હતા. ત્યારે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાની આગેવાનીમાં રાજકોટમાં પેટા ચૂંટણીને લઈને બેઠક યોજાઈ હતી. બાદમાં પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી, જેમાં અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ૨૮ નવેમ્બરના રોજ કોંગ્રેસના ઉમેદવારના નામની જાહેરાત કરવામાં આવશે. પક્ષ પલ્ટો કરી ભાજપમાં જોડાનારાઓ જૂના હતા. લોકો કુવરજીભાઈ અને ભાજપને હરાવવાના મૂડમાં છે. બાવળિયાએ પાર્ટી સાથે વિશ્વાસઘાત કર્યો છે, આઠ ઉમેદવારોની યાદી તૈયાર કરી છે.



અમિત ચાવડાએ વધુમાં જણાવ્યું હતું કે, જસદણની પેટા ચૂંટણીની જવાબદારીની વહેંચણી કરવામાં આવી છે. ભાજપ સરકારમાં ખેડૂતો, યુવાનો, બેરોજગાર, વેપારીઓ પરેશાન છે. અનેક પ્રશ્નોને લઈ લોકો પરેશાન હોવાથી કોંગ્રેસને જનતા મત આપશે. ૩૨ ધારાસભ્યો, ૩ પૂર્વ સાસંદસભ્યો તેમજ પ્રદેશના હોદ્દેદારોને જસદણ વિધાનસભા બેઠક પર જવાબદારી સોંપવામાં આવી છે. ચૂંટણી પ્રચાર અર્થે પ્રદેશના નેતાઓ આવશે. જસદણ કોંગ્રસના રાષ્ટ્રીય નેતાઓ પણ ચૂંટણી પ્રચાર અર્થે જસદણ આવે તેવી શક્યતાઓ છે. કોંગ્રેસની બેઠકમાં રાજકોટ જિલ્લા ભાજપના કારોબારી સભ્ય દિલીપ રામાણી ભાજપમાંથી કોંગ્રેસમાં જોડાયા હતા. તેમજ જસદણ તાલુકા કારોબારી સભ્ય ભાજપમાંથી કોંગ્રેસમાં જોડાયા હતા અને જદદણ ભાજપ મીડિયા સેલમાંથી કોંગ્રેસમાં જોડાયા હતા.

જસદણના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અને રાજ્યસભાની ચૂંટણીમાં ક્રોસ વોટિંગ કરનાર ભોળાભાઈ ગોહેલે જણાવ્યું હતું કે, કોંગ્રેસ દ્વારા જેને ઉમેદવાર જાહેર કરવામાં આવે તે શિરોમાન્ય. જસદણ પેટા ચૂંટણીમાં ૮ લોકોએ દાવેદારી નોંધાવી છે. તમામ લોકો સાથે મળી કોંગ્રેસ પક્ષને જીતાડવા પ્રયત્ન કરશે. કુવરજી બાવળિયાના નિવેદનને વખોડી આ નિવેદન રાજકીય નિવેદન હોવાનું જણાવ્યું હતું. કોંગ્રેસના ઉમેદવાર જાહેર થયા બાદ બાકીના ઘણા લોકો ભાજપમાં ભળશે તેવું નિવેદન ગઈકાલે કુવરજીભાઈએ આપ્યું હતું.

પરિણીત પતિએ દહેજ માટે બીજા લગ્ન કર્યાનો પત્નીનો આરોપ

અમદાવાદ

સમાજમાં દિવસેને દિવસે આર્થિકની સાથે સામાજિક છેતરપિંડીનું પ્રમાણ પણ વધી રહ્યું છે. જો કે સામાજિક છેતરપિંડી પાછળનો મૂળ હેતુ તો ઘણીવાર આર્થિક જ હોય છે. આજે શહેરમાં પણ એક આવી જ ઘટના સામે આવી છે. એમ.ટેક.નો અભ્યાસ કરી ચૂકેલી એક મહિલાએ લગ્નમાં લાવેલો કરિયાવર પડાવી લેવાને લઈ સાસરા પક્ષના પાંચ લોકો સામે શારીરિક અને માનસિક ત્રાસની ફરિયાદ નોંધાવી છે. આ ઉપરાંત તેણીએ પતિ પરિણીત હોવા છતાં દહેજ માટે બીજા લગ્ન કરી ૨૦ લાખ રૂપિયા પડાવવાનો પણ આરોપ મુક્યો છે.

આ અંગે પ્રાપ્ત થયેલી માહિતી મુજબ, એક મહિલાએ તેના પતિ પર ખોટા ડોક્યુમેન્ટ બનાવી પરિણીત હોવા છતાં દહેજ માટે બીજા લગ્ન કર્યા હોવાનો આરોપ મુક્યો છે. માત્ર એટલું જ નહીં, પરિણીતાએ તેના પિતા પાસેથી સાસરિયાઓએ લંડન લઈ જવા માટે ૨૦ લાખ રૂપિયા પણ પડાવ્યા હોવાનો આરોપ મુક્યો છે. આ અંગે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

લગ્નની લાલચ આપી યુવક પાસેથી લાખો પડાવતા ચકચાર મચી

કેશોદ

લગ્નના સોહામણા સપના જોતા યુવાનની સાથે છેતરપીંડી થઈ છે. પત્નીની જગ્યાએ દગો મળ્યો છે. મહિલા અને તેના સાથીદારોએ યુવાનને છેતરી તેની પાસેથી રૂપિયા ૧.૬૦ લાખ પડાવી લીધા હતા. અંતે પોલીસ ફરિયાદ કરતા એક આરોપી ઝડપી લેવામાં આવ્યો છે.

જુનાગઢ જીલ્લાના કેશોદ તાલુકાના મોટી ઘંસારી ગામના ખેડૂત રમેશ કાનજી ભાલાળાની ખેતીકામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે. ખેડૂત રમેશભાઈને લગ્ન કરવાના હતા. જેથી લગ્ન માટે આ ઠગ ટોળકીના એક શખ્સને ખબર પડતાં લગ્નની લાલચ આપી પૂજા નામની મહિલા સાથે પરિચય કરાવ્યો હતો.

જેમાં પ્રથમ ૨૫ હજાર આપવામાં આવ્યા હતા. ત્યારબાદ પૂજા નામની મહિલા તેમને ત્યાં આવી અને થોડો સમય રોકાઈ હતી. તેમજ એક દિવસ તબિયત ખરાબ હોવાનું કહી દવાખાને જતા આ ટોળકી ફરી ૧ લાખ ૩૫ હજાર પડાવી ગઈ હતી. ત્યારબાદ રમેશ પોલીસ સ્ટેશનનો સહારો લઈ ફરિયાદ દાખલ કરી છે.

રમેશભાઈએ ત્યારે પોતાની પાસે હતા તેટલા રૂપિયા આપી દીધા હતા અને બાકીના બીજા દિવસે આપી દેવાનું કહી ત્યાંથી રવાના થઈ ગયા હતા. બાકી રહેતા દોઢ લાખ લેવા આવ્યા ત્યારે પોલીસે સાજીદનામના વ્યક્તિની ધરપકડ કરી હતી અને આગળની પુછપરછ શરુ કરી હતી. હાલ પોલીસે આરોપી પૂજા, સાજીદ ઈબ્રાહિમ અન્ય બે અજાણ્યા શખ્સો સહિત ૫ લોકો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી તપાસ હાથ ધરી છે.

હવે બાળકો સાથે જોડાયેલી અશ્લીલ સામગ્રીનો ઉપયોગ કરવા ઉપર સાત વર્ષની સજા

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકારે ચાઈલ્ડ પોર્નોગ્રાફીના મામલામાં શિક્ષાત્મક જોગવાઈઓને વધુ કડક બનાવવાનો નિર્ણય લીધો છે. બાળકો સાથે જોડાયેલી અશ્લીલ સામગ્રીના વ્યાવસાયિક ઉપયોગના મામલામાં સરકારે ત્રણ વર્ષની સજાને વધારીને પાંચ વર્ષ અને વધુમાં વધુ સાત વર્ષ સુધીની કરી નાખી છે.

સરકારે આ અંગે અપરાધને સ્પષ્ટ રીતે પરિભાષિત કર્યો છે. વિવિધ પ્રકારના અપરાધોમાં સજાના વિસ્તારને વધારી દેવામાં આવ્યો છે. હવે એક જ અપરાધ બીજી વખત કરવા પર વધુ સજા ભોગવવી પડશે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય તરફથી પોક્સો એક્ટમાં સંશોધનના પ્રસ્તાવને મંજૂરી આપ્યા બાદ કાયદા મંત્રાલયે તેના ઉપર પોતાની મહોર લગાવી દીધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર હવે અંતિમ મંજૂરી માટે આ પ્રસ્તાવને કેબિનેટ સમક્ષ મોકલવામાં આવી શકે છે.

કાયદાની કલમ ૧૫-૧ હેઠળ જોગવાઈ કરવામાં આવી છે કે અશ્લીલ સામગ્રી રાખવા પર પહેલી વખત અપરાધની સ્થિતિમાંએક હજાર રૂપિયા અને બીજી વખત એ જ અપરાધ કરવા ઉપર પાંચ હજાર સુધીનો દંડ લાગી શકે છે.

જ્યારે બીજી શ્રેણી હેઠળ જો કોઈ સામગ્રીનો પ્રચારકરવામાં આવે છે તો ત્રણ વર્ષ સુધીની સજા અને દંડ થઈ શકે છે. ત્રીજી શ્રેણીમાં આ સામગ્રીનો ઉપયોગ વ્યાવસાયિક ઉપયોગ કરવા ઉપર પહેલી વખત અપરાધમાં ત્રણથી પાંચ વર્ષની સજા થઈ શકે છે. બીજી વખત અપરાધ કરવા પર પાંચ વર્ષ સુધીની સજા થશે જે સાત વર્ષ સુધી વધારવામાંઆવી શકે છે.

જીએસટીને અભ્યાસ ક્રમમાં સામેલ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય બનશે

ધો. ૧૧-૧૨ કોમર્સના અભ્યાસક્રમમાં જીએસટીનો વિષય ઉમેરાશે

ગાંધીનગર

ગત વર્ષે દેશમાં લાગુ થયેલા જીએસટી ટેક્સ સિસ્ટમને હવે ગુજરાતના વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસ ક્રમમાં પણ ભણવાના છે. ગુજરાત ના શિક્ષણ વિભાગે વર્ષ વર્ષ ૨૦૧૯ ના નવા શૈક્ષણિક સત્રમાં ધોરણ ૧૧ અને ૧૨ માં જીએસટીના નવા પાઠ ઉમેરવાનો નિર્ણય કર્યો છે. અભ્યાસક્રમમાં જીએસટીને સામેલ કરવા અંગે ૯ જેટલા ચાર્ટડ એકાઉન્ટન્ટનો અભિપ્રાય લેવામાં આવ્યો છે.

દેશભરમાં જીએસટી(ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ) લાગુ થયા બાદ હવે ગુજરાત શિક્ષણ વિભાગે તેને અભ્યાસક્રમમાં પણ સ્થાન આપ્યું છે. શિક્ષણ વિભાગે જીએસટી વિષયને અભ્યાસક્રમમાં દાખલ કરવાની જાહેરાત કરી છે. જીએસટીને અભ્યાસક્રમમાં દાખલ કરવા માટે કુલ ૯ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને નાણાં વિભાગના અધિકારીઓનો પણ અભિપ્રાય લેવામાં આવ્યો હતો. આમ હવે વર્ષ ૨૦૧૯થી ધોરણ ૧૧ અને ૧૨ કોમર્સના વિદ્યાર્થીઓને અભ્યાસક્રમમાં જીએસટી અંગે પણ ભણાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, જીએસટીને અભ્યાસક્રમમાં દાખલ કરનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.

જીએસટીના જટિલ અભ્યાસક્રમને અર્થ શાસ્ત્રમાં થિયરી તરીકે અઢી પાનાનો પાઠ ઉમેરવામાં આવશે. તો એકાઉન્ટ વિષયમાં પ્રેક્ટિકલ તરીકે જીએસટી વિષયને સમાવવામાં આવ્યો છે. જ્યારે પ્રેક્ટિકલ તરીકે એકાઉન્ટ વિષયમાં પણ ભણવું પડશે. જીએસટી વિષયને લઈ એક વર્ષથી શિક્ષણ વિભાગ અને પાઠ્યપુસ્તક મંડળ મહેનત કરી રહ્યું હતું. તેમજ નાણાં વિભાગમાં જીએસટીનો હવાલો સંભાળતાં અધિકારીઓનું પણ માર્ગદર્શન લેવામાં આવ્યું છે. માત્ર એટલું જ નહીં, આગામી સમયમાં કોલેજોના અભ્યાસક્રમમાં પણ જીએસટીને અલગ વિષય તરીકે લાવવાની વિચારણા ચાલી રહી છે. અભ્યસક્રમમાં જીએસટી સામેલ કરવા માટે નાણાં વિભાગમાં જીએસટીનો હવાલો સંભાળતાં અધિકારીનું પણ માર્ગદર્શન લેવાયુ છે. તો સાથે જ કોલેજોના અભ્યાસક્રમમાં પણ જીએસટીને અલગ વિષય તીકે સામેલ કરવામાં આવે તેવી સંભાવના છે.

નવાઈની વાત એ છે સમગ્ર દેશમાં જીએસટી સિસ્ટમ અમલી બની છે. ત્યારે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ રાજ્ય છે જે હવે અભ્યાસ ક્રમમાં વિષય તરીકે જીએસટીને સામેલ કરવા જઈ રહ્યું છે.

દારૂના ધંધા પર સ્ટેટ વિજિલન્સનો દરોડો: એકની ધરપકડ

રાજકોટ

રાજકોટ શહેરના રૈયારોડ પરની આમ્રપાલી પોલીસ ચોકીથી થોડે દૂર દરરોજ સાંજે દારૂ-બિયરની ખુલ્લેઆમ ડિલિવરી આપવામાં આવતી હતી. જેને લઈને સ્થાનિકો પણ ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણીના મત વિસ્તારમાં આવેલી આ જગ્યામાં વર્ષોથી બેરોકટોક દારૂનો વેપલો ચાલતો હતો. સાહિલ નામના શખ્સના આ ગેરકાયદે ચાલતા ધંધા પર સ્ટેટ વિજિલન્સના સ્ટાફે દરોડો પાડ્યો હતો અને રૂપિયા ૧ લાખનો દારૂ-બિયરનો જથ્થો કબ્જે કરી એક શખ્સને ઝડપી મુખ્ય સૂત્રધાર સામે ગુનો નોંધ્યો હતો.

શહેરના રૈયા રોડ ઉપર આઝાદ ચોકમાં જુના શોપિંગ સેન્ટરમાં સાહિલ અનવરભાઈ કચરાની માલિકીની એક દુકાનમાં દારૂ-બિયરનો જંગી જથ્થો ઉતારવામાં આવ્યો હોવાની બાતમી સ્ટેટ વિજિલન્સને મળી હતી. બાતમીને આધારે સ્ટેટ વિજિલન્સના હેડ કોન્સ્ટેબલ મહમદહારુન હૈદર બક્ષ શેખ સહિતના કાફલાએ દરોડો પાડ્યો હતો. જેમાં દારૂ-બીયરના જથ્થા સાથે બેઠેલા શખ્સ અબ્દુલ હાફિઝભાઈ મુનશીની ધરપકડ કરી હતી. તેમજ તેમણે આ દારૂનો જથ્થો સાહિલ અન્વરભાઈ કચરાએ મંગાવ્યો હોવાનું જણાવતા પોલીસે સાહિલ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. તેમજ દારૂ-બિયરની વિવિધ બ્રાન્ડની ૭૭૯ બોટલ કિંમત રૂપિયા ૧,૦૧,૫૫૦ અને એક મોબાઈલ સહિતનો મુદામાલ કબ્જે કર્યો હતો.ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં દારૂ જુગાર જેવી બદીઓને દૂર કરવા તાજેતરમાં ગૃહ વિભાગે સ્ટેટ વિજિલન્સની રચના કરી છે. સ્ટેટ વિજિલન્સ દ્વારા દારૂની હેરાફેરી કરતા બુટલેગરો ઉપર ખાસ વોચ રાખવામાં આવી રહી છે. ત્યારે રાજકોટના ધારાસભ્ય અને રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીના મત વિસ્તારમાંથી સ્ટેટ વિજિલન્સે દારૂનો જથ્થો ઝડપી પાડતા સ્થાનિક પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે.

રામ મંદિર નિર્માણ માટે આખા દેશમાં ૫૪૩ રેલીનુ આયોજન કરશે સંઘ પરિવાર

ન્યુ દિલ્હી

સંઘ પરિવારે રામ મંદિર આંદોલનને વધુ ઉગ્ર બનાવવા માટે મહત્તમ લોકો સુધી પહોંચવાની યોજના બનાવી છે. આરએસએસ અને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા રામ મંદિર નિર્માણ માટે ૨૫ નવેમ્બરે અયોધ્યા નાગરુપ અને બેંગ્લોરમાં મેગા રેલીનુ આયોજન તો કરાયુ જ છે.તેની સાથે સાથે આરએસએસ અને વીપીએચપીએ ૨૫ ડિસેમ્બરે દેશમાં તમામ લોકસભા બેઠકોના વિસ્તારમાં એટલે કે ૫૪૩ રેલીઓ કાઢવાની યોજના બનાવી છે.સંસદના શિયાળુ સત્રના ત્રણ દિવસ પહેલા ૯ ડિસેમ્બરે સાધુ સંત દિલ્હીમાં રામ મંદિર નિર્માણ માટે આંદોલન કરવાના છે.વિહિપનુ કહેવુ છે કે રામ મંદિર નિર્માણ માટે રાજકીય પક્ષો વચ્ચે સંમતિ સાધવાના પ્રયાસ ઈ રહ્યા છે.તાજેતરમાં કોંગ્રેસના નેતા સીપી જોષીએ કહ્યુ હુત કે રામ મંદિર કોંગ્રેસ જ બનાવશે.૨૫ નવેમ્બરે, રવિવારે દેશના ત્રણ શહેરોમાં યોજાનારી રેલીમાં ૨ લાખથી વધારે લોકો આવે તેવી શક્યતા છે.

૧૦ સીઆરપીએફ જવાનોની હત્યા કરનાર નકસલવાદી વલસાડથી ઝડપાયા

વલસાડ

ગુજરાત એટીએસને મોટી સફળતા મળી છે. એટીએસની ટીમે વલસાડમાંથી એક નકસલવાદીની ધરપકડ કરી છે, સાથે જ ગુજરાતમાં ચાલાત નક્સલવાદનો પર્દાફાશ કરવામાં મોટી સફળતા મળી છે. ઝડપાયેલો નક્સલવાદી બિહારનો રહેવાસી છે અને તે અનેક હુમલાને અંજામ પણ આપ્યો છે. ગુજરાત એટીએસને મોટી સફળતા મળી છે. એટીએસની ટીમે વલસાડમાંથી એક નકસલવાદીની ધરપકડ કરી છે, સાથે જ ગુજરાતમાં ચાલાત નક્સલવાદનો પર્દાફાશ કરવામાં મોટી સફળતા મળી છે. ઝડપાયેલો નક્સલવાદી બિહારનો રહેવાસી છે અને તે અનેક હુમલાને અંજામ પણ આપ્યો છે.



પ્રાપ્ત વિગત પ્રમાણે ગુજરાતની એન્ટી ટેરરીસ્ટ ક્વોડે વલસાડમાં દરોડા પાડ્યા હતા. અહીં બાતમીના આધારે એક ફ્લેટમાં છૂપાયેલા નક્સલવાદીને દબોચી લીધો હતો. એટીએસની ટીમના જણાવ્યા પ્રમાણે આ નક્સલવાદીનું નામ રાજીવ સુત્તાવજી છે અને તે મૂળ બિહારનો રહેવાસી છે. રાજીવે અનેક હુમલાને અંજામ આપ્યો છે. જેમાં ૧૦થી વધુ સીઆરપીએફના લોકોની હત્યાની ઘટના પણ સામેલ છે. તો રાજીવ વિરુદ્ધ ૫૦થી વધુ ગુનાઓ દાખલ છે.

એટીએસએ જણાવ્યું કે વર્ષ ૨૦૧૬માં રાજેશ રવિદાસ, અનીલ યાદવ, ચંદન નેપાલી અને અન્ય માઓવાદીઓ ઓરંગાબાદ, બિહારના જંગલ વિસ્તારમાં આઈઈડી બ્લાસ્ટથી હુમલો કર્યો હતો જેમાં સીઆરપીએફના ૧૦ કમાન્ડો સહીદ થયા હતા. ત્યારબાદ માર્ચ ૨૦૧૭માં સીઆરપીએફને માહિતી મળી કે ગુરપાના જંગલમાં માઓવાદી સંગઠનનું એક મોટું ગ્રૂપ કોઈ દેશ વિરોધી કૃત્યને અંજામ આપવા એકત્રિથ થઈ રહ્યું છે જે આધારે સીઆરપીએફની કોબ્રા બટાલીયને માઓવાદીઓને પકડી પાડવા માટે સમગ્ર વિસ્તારને ઘેર્યો હતો, આ દરમિયાન માઓવાદીઓએ ઓટોમેટિક રાઈફલથી હુમલો કર્યો હતો જેમાં ૪ માઓવાદી ઠાર મરાયા હતા અને મોટાપાયે હથિયાર કબજે કરાયા હતા. આ અથડામણમાં રાજેશ રવિદાસને હાથમાં ગોળી વાગી હતી, ત્યારબાદ તે ત્યાંથી ફરાર થઈ ગયો હતો, ત્યારબાદ તે પોતાની મૂળ ઓળખ છૂપાવી નાસતો ફરતો હતો.

વર્ષ ૨૦૧૮માં રાજેશ રવિદાસ દમણમાં આવ્યો હતો, અહીં તેણે પોતાની ઓળખ ગોપાલ પ્રસાદ તરીકએ આપી અને થોડા સમય માટે સિક્યોરિટી ગાર્ડની નોકરી કરતો હતો. ત્યારબાદ વલસાડ જિલ્લાના વાપી ખાતે મજૂરી કામ કરવા લાગ્યો હતો. આ દરમિયાન એટીએસ ગુજરાતને માહિતી મળી કે માઓવાદી સંગઠનના બિહાર ઝારખંડ (મગધ) વિસ્તારના સ્પેશિયલ એરિયા કમિટિના ઈન-ચાર્જ પદ્યુમન શર્માનો જમણો હાથ ગણાતા અને રાજગીર, બિહારના ઝોનલ કમાન્ડર રાજેશ રવિદાસ ઉર્ફ ગોપાલ પ્રસાદ ઉર્ફ ઉત્તમજી વાપીમાં છૂપાયેલો છે, જે આધારે એટીએસ ગુજરાતની ટીમે નક્સલવાદીને ઝડપી પાડ્યો છે. ત્યારે માઓવાદી સંગઠન બિહાર-ઝારખંડ વિસ્તારના એરિયા કમિટિ હેડ પ્રદ્યુમન શર્મા સાથે તેના હાલના સંબંધો અને તેની ગુજરાતમાં હાજરી અનુસંધાને પૂછપરછ કરવામાં આવી રહી છે.

પુર ઝડપે બાઈક ડિવાઈડર સાથે અથડાઈને પુલની નીચે ખાબકી

દિલ્હીમાં સિગ્નેચર બ્રિજ ઉપર સેલ્ફી લેવાના ચક્કરમાં બે યુવાનોના મોત

ન્યુ દિલ્હી

દિલ્હીના સિગ્નેચર બ્રિજ ખાતે શુક્રવારે સવારે મોટી હોનારત સર્જાઈ છે. અહીંયા સેલ્ફી લઇ રહેલાં બે યુવાનોના પુલ ઉપરથી નીચે પડતા મોત નીપજ્યાં છે. મળતી માહિતી મુજબ બંને યુવાનો બાઈક ઉપર સવાર હતાં અને તેમની બાઈક ડિવાઈડર સાથે અથડાઇ હતી. જેના પરિણામે આ અકસ્માત સર્જાયો હતો.



બંને યુવાનો સેલ્ફી લેતી વખતે પુલ ઉપરથી નીચેની રેતીમાં પટકાયા. પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને તપાસ કરી રહી છે. મળતી માહિતી મુજબ શુક્રવારે સવારે ૯ વાગ્યે પુલ ઉપર જે સ્થળે તેમની બાઈક ટકરાઈ ત્યાં એક મોટો ગેપ હતો. આ ગેપમાંથી જ તેમની બાઈક પુલથી નીચે પડી અને બંને યુવાનોના મૃત્યુ નીપજ્યાં.

ઉલ્લેખનીય છે કે થોડા દિવસો પહેલાં જ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પુલનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પુલની ખાસિયત જ તેને સૌથી ઊંચો સેલ્ફી પોઈન્ટ ગણાવવામાં આવતો હતો. જે દિવસથી પુલ ખોલવામાં આવ્યો ત્યારથી જ પ્રશાસન માટે લોકોનું ત્યાં જોખમી સેલ્ફી લેવું મોટો પડકાર બની ગયું હતું.

ટ્રકની અડફેટે બાઈક પર સવાર ૩ યુવાનોનાં મોત

દાહોદ

દાહોદમાં ઈન્દોર-અમદાવાદ નેશનલ હાઈવે પર પૂરઝડપે પસાર થતી ટ્રકે મોટરસાઈકલને અડફેટે લેતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં બાઈક પર સવાર ૩ યુવાનોના કરુણ મોત થયા હતા. અકસ્માત એટલો ગંભીર હતો કે બાઈકના ફુરચેફુરચા ઉડી હયા હતા. આ દૂર્ઘટનાને પગલે હાઈવે પર ટ્રાફિક જામ થઈ ગયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ત્રણ મિત્રો મોટરસાઈકલ લઈને ઈન્દોર-અમદાવાદ નેશનલ હાઈવે પર દાહોદ નજીકથી પસાર થતા હતા. ત્યારે પૂરઝડપે આવેલી ટ્રકે બાઈકને અડફેટે લીધી હતી. જેથી તેની ઉપર સવાર ત્રણેય યુવાનો ફંગોળાઈને નીચે પટકાયા હતા. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ત્રણેય યુવાનોના ઘટના સ્થળે જ મોત થયા હતા. આ બનાવને પગલે સ્થાનિકો મોટી સંખ્યામાં બનાવ સ્થળે ઉમટી પડ્યા હતા. અકસ્માતની જાણ થતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો. તેમજ ત્રણેય યોવાનોના મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલ મોકલી આપીને તેમની ઓળખ મેળવવા તજવીજ આરંભી છે. અકસ્માતમાં બાઈકના ફૂરચેફુરચા ઉડી ગયા છે.

દિલ્હીના નવા મુખ્ય સચિવ તરીકે વિજય કુમાર દેવની નિયુક્તિ

ન્યુ દિલ્હી

જે અધિકારી સાથે આમ આદમી પાર્ટીનિ અનબન હતી તેમને જ દિલ્હીના મુખ્ય સચિવ પદે નીમવામાં આવ્યા છે. દિલ્હીના નવા મુખ્ય સચિવ તરીકે વરિષ્ઠ આઈએએસ અધિકારી વિજય કુમાર દેવને નિયુક્ત કરવામાં આવ્યા છે. દિલ્હીના મુખ્ય સચિવ અંશુ પ્રકાશને કેન્દ્રમાં બદલી થયા બાદ નવા મુખ્ય સચિવને લઈને ઘણી અટકળો લગાવાઈ રહી હતી.

આ પહેલા આ પદ પર દિલ્હી સરકારના અતિરિક્ત મુખ્ય સચિવ મનોજ પરીદાનું નામ ચર્ચાતું હતું. પરંતુ ગુરુવારે મોડી સાંજે ગૃહ મંત્રાલયેવિજય કુમાર દેવનેનિયુક્ત કરવાનો આદેશ જારી કર્યો હતો. તેઓ દિલ્હી સરકારના મુખ્ય ચૂંટણી અધિકારી પદે કાર્યરત હતા.

વિજય કુમાર એજીએમયુટી કેડરના ૧૯૮૭ની બેચના વરિષ્ઠ આઈએએસ અધિકારી છે. આમ આદમી પાર્ટીની સરકારે પાછલા દિવસોમાં નકલી વોટિંગ લિસ્ટનો મુદ્દો ઉઠાવ્યો હતો. ત્યારે ચૂંટણી પંચ સાતે તૂતૂ-મૈંમૈં થઈ હતી. આ દરમિયાન દિલ્હી ચૂંટણી પંચની જવાબદારી વિજયકુમાર દેવ પાસે હતી.

સરકાર બનાવવાની કવાયત શરૂ થયા બાદ તમામ પાર્ટી મેદાનમાં...

કાશ્મીરમાં ફરી રાજકીય ઘમસાણ શરૂ

જમ્મુ કાશ્મીરમાં રાજકીય ઘમસાણની સ્થિતી સર્જાઈ ગઇ છે. સરકાર રચવાના પ્રયાસો વચ્ચે રાજ્યપાલ સત્યપાલ મલિકે વિધાનસભાને ભંગ કરી દીધા બાદ હવે શુ થશે તેની ચર્ચા સામાન્ય લોકોમાં જોવા મળી રહી છે. પહેલાથી જ તમામ રાજકીય ઘટનાક્રમ પર નજર રાખનાર લોકોનુ કહેવુ છે કે કોંગ્રેસ, એનસી અને પીડીપી જમ્મુ કાશ્મીર વિધાનસભાને ભંગ કરાવવાની તેમની રણનિતીમાં સફળ રહી છે. હકીકતમાં આ પાર્ટીઓ વિધાનસભાને ભંગ કરવાની ઇચ્છા ધરાવતી હતી. આ જ કારણસર યોજનાપૂર્વક સરકાર રચવાના પ્રયાસો એનસી, કોંગ્રેસ અને પીડીપી દ્વારા હાથ ધરવામાં આવ્યા હતા. હાલમાં જ જમ્મુ કાશ્મીરમાં થયેલી પંચાયતી ચૂંટણીમાં એનસી અને પીડીપીએ ચૂંટણનો બહિષ્કાર કર્યો હતો. જો કે તેમની યોજના સફળ રહી ન હતી. સ્થાનિક ચૂંટણીમાં સ્થાનિક લોકોએ ઉત્સાહપૂર્વક મતદાનમાં ભાગ લીધો હતો. જેથી ક્ષેત્રીય પાર્ટીઓની તમામ ગણતરી ખોટી સાબિત થઇ હતી. જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાને ભંગ કરવામાં આવ્યા બાદ હવે આક્ષેપબાજીનો દોર શરૂ થઇ ગયો છે.. ભાજપ નેતા રામ માધવે આક્ષેપ કરતા કહ્યુ છે કે નેશનલ કોન્ફરન્સ અને પીડીપીને સરહદ પારથી સરકાર બનાવવા માટેના આદેશ મળ્યા છે. માધવના આ નિવેદન બાદ રાજ્યના પૂર્વ મુખ્યપ્રધાન ઉમર અબ્દુલ્લા નારાજ થયા છે. ઉમરે આ આરોપો સાબિત કરવા માટે રામ માધવને ખુલ્લો પડકાર ફેંક્યો છે. કોંગ્રેસ, એનસી, પીડીપીએ બુધવારના દિવસે રાજ્યમાં મળીને સરકાર બનાવવા માટેનો દાવો કર્યો છે. જો કે રાજ્યપાલ સત્યપાલ મલિકે વિધાનસભા ભંગ કરી નાંખી છે. આ ઘટનાક્રમ પર ભાજપના રાષ્ટ્રીય સચિવ રામ માધવે કહ્યુ છે કે સરકાર બનાવવા માટે પાકિસ્તાન તરફથી આદેશ મળ્યો હોય તેમ લાગે છે. બીજી બાજુ ઉમર અબ્દુલ્લાએ આરોપો પુરવાર



કોંગ્રેસ, એનસી અને પીડીપી જમ્મુ કાશ્મીર વિધાનસભાને ભંગ કરાવવા માટેની યોજનામાં સફળ રહી હોવાનો પણ રાજકીય પંડિતો દાવો કરે છે

કરવા અથવા તો માફી માંગી લેવા માટે કહ્યુ છે. રામ માધવે કહ્યુ છે કે ભાજપે ક્યારેય સરકાર બનાવવા માટેની ઇચ્છા વ્યક્ત કરી નથી. અમે સરકાર બનાવવા જઇ રહ્યા છીએ તેવા દાવા ક્યારેય અમે કર્યા નથી. તેમણે કહ્યુ હતુ કે આ પાર્ટીઓ રાજ્યમાં અનૈતિક ગઠબંધન કરવાના પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કહ્યુ હતુ કે પીડીપી અને એનસી એ પાર્ટીઓ છે જે સ્થાનિક ચૂંટણીનો બહિષ્કાર કરી ચુક્યા ચે. તેમને સરહદ પારથી આ પ્રકારથી બહિષ્કાર કરવા માટેની સુચના મળી હતી. બીજી બાજુ રાજ્યના પૂર્વ મુખ્યપ્રધાન અને એનસીના નેતા ઉમર અબ્દુલ્લાએ કહ્યુ છે કે ભાજપના લોકો આરોપો પુરવાર કરે તે જરૂરી છે. તેમની પ્રતિષ્ઠા ખરડી નાંખવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ઉમરે કહ્યુ છે કે ભાજપના લોકોએ આવા નિવેદન કરવા બદલ માફી માંગવી જોઇએ. માત્ર આરોપોની રાજનીતિ ન કરવા માટેની સલાહ ઉમરે આપ છે. આગામી દિવસોમાં જમ્મુ કાશ્મીરમાં સરકારની રચનાને લઇને આરોપોનો દોર વધારે તીવ્ર બને તેવા સંકેત દેખાઇ રહ્યા છે. જમ્મુ કાશ્મીરમાં બિન ભાજપ રાજકીય પક્ષો દ્વારા સરકાર બનાવવાના પ્રયાસ વચ્ચે રાજ્યપાલ સત્યપાલ મલિકે વિધાનસભા ભંગ કરીને તમામને મોટો ફટકો આપ્યો છે. અલબત્ત તેમના આ નિર્ણયની ટિકા પણ થઇ રહી છે. જો કે કેટલાક બુદ્ધિજીવી લોકો માની રહ્યા છે કે યોગ્ય નિર્ણય કરવામાં આવ્યો છે. મલિકે પોતે નિર્ણય અંગે પ્રતિક્રિયા કરતા કહ્યુ છે કે ધારાસભ્યોને ધાક ધમકી આપવામાં આવી રહી હતી. પીડીપીના નેતા મહેબુબા મુફ્તિએ પોતે આ અંગે ફરિયાદ કરી હતી. મલિકે કહ્યુ છે કે રાજ્યપાલ બન્યા બાદ તેઓ સતત કહેતા રહ્યા છે કે તેઓ કોઇ પાર્ટીન તરફેણ કરશે નહીં. જો કે એવી સરકારની રચનાને પણ રોકશે જેમાં મોટા પાયે ખરીદી ચાલે છે. રાજ્યમાં ચૂંટાયેલી સરકાર બને તેમ તેઓ ઇચ્છે છે. તેમને હાલમાં વ્યાપક ફરિયાદો મળી રહી હતી. અપવિત્ર ગઠબંધન તેઓ ઇચ્છતા ન હતા.

હવે જલ્દી જ બનશે ફ્રીજ,એસી મેક ઈન ઈન્ડિયા..!!

ફોનની જેમ દેશમાં જ બનશે ફ્રીજ અને વોશિંગ મશીન, ૬૫૦૦ કરોડનું થશે રોકાણ

ન્યુ દિલ્હી

હવે જલદી જ સરકારના મેક ઈન ઈન્ડિયા અંતર્ગત ફ્રીજ, એસી, વોશિંગ મશીન પણ બનશે. આ ઉત્પાદનોના ઈમ્પોર્ટમાં એક્સાઈઝ ડ્યૂટી વધ્યા બાદ મેન્યુફેક્ચરર્સ મેક ઈન ઈન્ડિયા સાથે જોડાવા માટે તૈયાર છે. આ સેક્ટરમાં વર્ષ ૬૫૦૦ કરોડ રુપિયાનું રોકાણ કરી શકાશે. ત્યારબાદ વધારે રોકાણ થશે. આનાથી ન માત્ર આ ઉત્પાદનો જ સસ્તાં થશે પરંતુ દેશમાં રોજગારને પણ વેગ પ્રાપ્ત થશે.

૩૦ હજાર કરોડની અપ્લાયન્સ ઈન્ડસ્ટ્રીમાં લોકલ સ્તર પર એન્ટ્રી-ટુ-મિડ સેગમેન્ટ પ્રોડક્ટ બને છે જ્યારે પ્રીમિયમ મોડલ અને હીટ એક્સચેન્જ કોઈલ અને કમ્પ્રેસર જેવા ક્રિટિકલ કમ્પોનેન્ટ માટે આયાત પર નિર્ભર થવું પડે છે. એસી માટે ૫૦ ટકાથી વધારે કમ્પોનેન્ટ ઈમ્પોર્ટ કરવામાં આવે છે. આ ઈન્ડસ્ટ્રી ૭-૮ ટકાના દરથી વધી રહી છે.

સપ્ટેમ્બરમાં સરકારે વ્હાઈટ ગુડ્સ પર ઈમ્પોર્ટ ડ્યુટી વધારી હતી. બીન જરુરી આયાતને રોકવા માટે સરકારે રેફ્રિજરેટર, વોશિંગ મશીન અને એસી પર કસ્ટમ ડ્યૂટી બેગણી કરીને ૨૦ ટકા કરી દીધી હતી. તો આ સાથે જ એસી અને ફ્રીજના કમ્પ્રેસર પર શુલ્ક ૭.૫ ટકાથી વધારીને ૧૦ ટકા કરી દેવામાં આવી હતી. આને લઈને ઈમ્પોર્ટેડ અપ્લાયન્સીઝના ભાવમાં ૧૦ ટકાનો વધારો થયો હતો.ગત વર્ષે ડિસેમ્બરમાં સરકારે ટેલીવિઝન અને સ્માર્ટફોન પર ઈમ્પોર્ટ ડ્યૂટી ૨૦ ટકા વધારી દીધી હતી. આ વર્ષે ટીવી અને સ્માર્ટફોનના કમ્પોનેન્ટ્સ પર ઈમ્પોર્ટ ડ્યૂટી વધારવામાં આવી. આને લઈને ટીવી અને સ્માર્ટફોન કંપનિઓએ દેશમાં મેન્યુફેક્ચરિંગ કરવામાં રોકાણ કર્યું.

સીએમ રૂપાણી દ્વારા ૪૫માં રાષ્ટ્રીય ગણિત વિજ્ઞાન પ્રદર્શન-૨૦૧૮નો શુભારંભ

અમદાવાદ

અમદાવાદના નવરંગપુરા સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે રાષ્ટ્રીય ૪૫મુ જવાહરલાલ નહેરુ રાષ્ટ્રીય ગણિત વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન ૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યુ હતું. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા શુભારંભ કરાવ્યુ.આ પ્રદર્શનમાં ભુપેન્દ્રસિંહ ચુડાસમા, વિભાવરીબેન દવે, ડો. કિરીટભાઈ સોલંકી, મેયર બીજલબેન પટેલ, કોર્પોરેશન કમીશનર વીજય નહેરા સહીતના મહાનુભાવો હાજર રહ્યા હતા.સી.એમ વિજય રુપાણી દ્વારા ગણિત તથા વિજ્ઞાન મેળાને ખુલ્લુ મુકાયુ હતુ. વિજયરુપાણીએ ગણીતવિજ્ઞાન મેળાનુનીરિક્ષણ કર્યુ.

ભાવનગરમાં લૂંટ વિથ મર્ડરની ઘટના

તસ્કરોએ ચોકીદારની હત્યા કરી લૂંટ ચલાવતા ચકચાર મચી

ભાવનગર

ભાવનગર શહેરમાં જાણે ગુનેગારોને છૂટો દોર મળી ગયો હોય તેમ એક જ દિવસમાં ત્રણ હત્યાના બનાવ બનવા પામ્યા છે. હજુ સવારે વલ્લભીપુરમાં ડબલ મર્ડરની ઘટના બની ત્યાં જ સાંજના સમયે શહેરના તખતેશ્વર વિસ્તારમાં એક રહેણાક મકાનમાં ચોરીના ઇરાદે આવેલ કેટલાક ઈસમોએ એક આધેડની હત્યા કરી મકાન માલિકની કાર લઈને લૂંટ ચલાવી ફરાર થઈ જતા ચકચાર મચી ગઇ છે.

ભાવનગર શહેરના તખતેશ્વર વિસ્તારમાં રહેતા જાણીતા તબીબ ડૉ. માલતીબેન મહેતા પરિવાર સાથે હરિદ્વાર યાત્રા ગયા હતા. અને તેમનાં મકાનનું ધ્યાન રાખવા તેમને ત્યાં વર્ષોથી કામ કરતા સરદારનગર સ્કૂલ પાસે રહેતા વિનુભાઈ ગોરધનભાઈ પરમાર સોંપીને ગયા હતા. દરમ્યાન ઘરનું ધ્યાન રાખતા વિનુભાઈ રાત્રીનાં આઠેક વાગ્યે ઘરે જમવા ન આવતા તેનાં પુત્રએ ફોન કર્યો હતો.

પરંતુ ફોન બંધ આવતા વિનુભાઈનો પુત્ર ડો.માલતીબેનનાં ઘરે આવતા દરવાજો ખુલ્લો જોતા અંદર તેના પિતા વિનુભાઈ હાથપગ બાંધેલી હાલતમાં મૃત હાલતમાં પડયા હતા.

તેમજ ઘરના કબાટ, તિજોરી સહિત વેર-વિખેર પડી હોવાનું જણાતા તુરંત જ પોલીસને જાણ કરાતા સીટી ડીવાયએસપી એલ.સી.બી., એસ.ઓ.જી., એડીવીઝન સહિતની મસમોટો પોલીસ કાફલો ઘટનાં સ્થળે દોડી ગયો હતો.





મોદી હજુ પણ સૌથી શક્તિશાળી નેતા



પોતાના દમ પર ગુજરાત સહિતના રાજ્યોમાં પોતાની પાર્ટીની સરકાર બનાવવામાં મોદી સફળ રહ્યા છે : રાહુલને હજુ મહેનત કરવાની જરૂર

વર્ષ ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીને લઇને તમામ રાજકીય પક્ષો પોત પોતાની રીતે તૈયારી કરી રહ્યા છે. ગઠબંધન બનાવવા માટેના પ્રયાસ ચાલી રહ્યા છે. જો કે તમામ લોકોમાં સામાન્ય રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી વચ્ચે સીધી સ્પર્ધા લોકો નિહાળે છે. રાષ્ટ્રીય રાજનીતિ મોદી અને રાહુલની આસપાસ દેખાઇ રહી છે. ટ્રેક રેકોર્ડ પર નજર કરવામાં આવે તો મોદી દરેક રીતે રાહુલ પર ખુબ ભારે છે. મોદીની પાસે સંઘના સામાન્ય કાર્યકર અને પ્રચારકથી લઇને ભાજપ સંગઠનમાં પ્રદેશથી લઇને રાષ્ટ્રીય સ્તર સુધી કામ કરવા માટેનો લાંબો અનુભવ છે. આ ઉપરાંત ગુજરાતના મુખ્યપ્રધાન તરીકે સાઢા ૧૩ વર્ષના અનુભવનો પણ તેમની પાસે ખજાનો છે. સાથે સાથે પોતાની તાકાત પર વડાપ્રધાનના પદ પર પહોંચી જવા અને પોતાના દમ પર જ અનેક રાજ્યોમાં પોતાની પાર્ટીની સરકાર બનાવવા માટેના ટ્રેક રેકોર્ડ પણ છે. બીજી બાજુ રાહુલ ગાંધીની પૂર્ણ શક્તિનો સ્ત્રોત તેમના પરિવારમાં છે. વર્ષ ૨૦૦૪થી ત્રણ લોકસભા ચૂંટણી જીત્યા હોવા છતાં સાંસદ તરીકે રાહુલ ગાંધી કોઇ ખાસ છાપ છોડી શક્યા નથી. પાર્ટીના મહાસચિવ તરીકે તેમનુ ખાસ યોદગાન રહ્યુ નથી. તેમના નેતૃત્વમાં કોંગ્રેસ પાર્ટીએ વિધાનસભાની ચૂંટણીમાં સતત હારનો સામનો કર્યો છે. આ તમામ આધાર પર મુલ્યાંકન કરવામાં આવે તો લાગે છે કે દેશ વર્ષ ૨૦૧૯માં વર્ષ ૨૦૧૪નુ પુનરાવર્તન કરનાર છે. સવાલ છે કે રાહુલ કઇ રીતે મોદીના સમાંતર રાજકીય વ્યક્તિ બની રહ્યા છે. રાહુલ અને તેમના વ્યુહરચનાકારોએ જાણી જોઇને આ સ્થિતી ઉભી કરી છે. સંજોગ એવા છે કે કોંગ્રેસ પાર્ટી પાસે એવા કોઇ નેતા નથી જે દેશમાં ઓળખ ધરાવે છે. કોંગ્રેસ પાસે એવા કોઇ નેતા નથી જે સમાંતર વિચારધારા મોદી જેવી ધરાવે છે.

કોંગ્રેસ પાર્ટીએ રાહુલને મોદીની સમાંતર વ્યક્તિત્વના રૂપમાં ઉભા કરવા માટે પ્રયાસો કર્યા છે. કેટલાક પાસાના કારણે રાહુલની હવે મિડિયામાં પણ નોંધ લેવા લાગી છે. પહેલા રાહુલ ગાંધીની કોઇ નોંધ લેવાતી ન હતી. મોદીની સફળતાની ચાવી હિન્દુત્વ પ્રત્યે નિષ્ઠાવાન, ઇમાનદાર, નૈતિક અને દેશની સેવામાં સમર્પિત વ્યક્તિ તરીકે થઇ છે. વિકાસની દ્રષ્ટિ ધરાવતા એક પ્રખર નેતા તરીકે તેમની છાપ ઉભી થઇ છે. કોંગ્રેસની હારનુ એક મોટુ કારણ એ છે કે તેની છાપ મુસ્લિમ તરફી રહી ગઇ છે. સાથે સાથે ભ્રષ્ટાચારના કારણે તેની છાપ ખરાબ થઇ છે. નરેન્દ્ર મોદીની અંગત ઇમાનદારી, નૈતિકતા, દેશના વિકાસ પ્રત્યે સતત સક્રિય વડાપ્રધાન તરીકેની છાપ પર કોઇ ગ્રહણ નથી. આની સાથે સાથે મોદી જુદા જુદા તારણોને ધ્યાનમાં લેવામાં આવે તો એક શક્તિશાળી વૈશ્વિક નેતા તરીકે પણ ઉભરી આવવામાં સફળ રહ્યા છે. સરકારના વડા હોવાના કારણે તેમની કેટલીક જવાબદારી પણ રહેલી છે. જ્યારે ગુજરાતના મુખ્યપ્રધાન હતા ત્યારે કોંગ્રેસ, નહેરુ ગાંધી પરિવાર અને યુપીએ સરકાર પર દેશને પાછળ લઇ જવાનો આરોપ કરતા હતા ત્યારે જનતા ભાવ વિભોર બનીને મોદી મોદી કરતી હતી. હવે તેઓ કોંગ્રેસને વંશવાદ નેતૃત્વ અને લાંબા સમય સુધી શાસનના મામલે કોંગ્રેસને ભીંસમાં લઇશકે છેચ બાકીની વાતો બોલી શકાય નહી. કોંગ્રેસે આ બાબતને પકડી પાડી છે. પાર્ટીની હિન્દુ વિરોધી છાપને તોડવા માટે રાજીવ ગાંધીની અગ્નિક્રિયાના સમયની રાહુલની તસ્વીરમાં જનેઉ દેખાય છે તે ફોટો જારી કરવામાં આવ્યો છે. કોંગ્રેસના લોકો કહી રહ્યા છે કે રાહુલ ગાંધી જનેઉધારી બ્રાહ્મણ છે. ત્યારબાદ રાહુલ ગાંધી સતત મંદિરોમાં દર્શન કરતા નજરે પડી રહ્યા છે. કોંગ્રેસી નેતાઓની ભાષા બદલાઇ રહી છે. તેઓ પોતાને હવે હિન્દુ હોવાની વાત કરી રહ્યા છે. મોદીની હિન્દુત્વની નિષ્ઠા ખતમ થઇ નથી પરંતુ વડાપ્રધાન હોવાના કારણે તેઓ સ્વંય હિન્દુવાદી હોવાની વાત ન કરી શકે. રામ મંદિર નિર્માણની વાત પણ મોદી એ જ વખતે કરી શકે છે જ્યારે વટહુકમ લાવવા અને બિલ લાવવા માટે નિર્ણય કરી લેશે. વડાપ્રધાન બન્યા બાદ મુસ્લિમ વિરોધી છાપને દુર કરવા માટેના પ્રયાસ પણ મોદી દ્વારા કરવામાં આવ્યા છે. જેમાં તેઓ સફળ સાબિત થઇ રહ્યા છે. આ જ કારણ તેમના અંદર મંદિરના મામલે હિન્દુત્વ સંબંધમાં સ્પષ્ટ રીતે હાલમાં વાત કરવી સરળ નથી. ...

રેલવે પાસે મોદી ચા વેચતા હોવાનો કોઈ રેકોર્ડ નથી: આરટીઆઈમાં ખુલાસો

ન્યુ દિલ્હી

એક આરટીઆઈ દ્વારા ખુલાસો થયો છે કે એવો કોઈ રેકોર્ડ નથી કે જે એ સાબિત કરી શકે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી બાળપણમાં રેલવે પ્લેટફોર્મ કે ટ્રેનોમાં ચા વેચતા હતા. કોંગ્રેસ સમર્થક અને સામાજિક કાર્યકર્તા તહસીન પૂનાવાલાએ આરટીઆઈ હેઠળ રેલવે બોર્ડ પાસે આ જાણકારી માંગી હતી કે શું એવો કોઈ રેકોર્ડ, રજિસ્ટ્રેશન નંબર કે નરેન્દ્ર મોદીને સ્ટેશન કે ટ્રેનમાં ચા વેચવા માટે ઓફિશિયલ પાસ ઉપલબ્ધ છે? આઈએનએસ અનુસાર, આ આરટીઆઈના જવાબમાં રેલ મંત્રાલયે કહ્યું કે, રેલવે બોર્ડના પર્યટન અને ખાનપાન નિદેશાલયની ટીજી III બ્રાંચમાં આવી કોઈ પ્રકારની જાણકારી ઉપલબ્ધ નથી.

મૂળે, નરેન્દ્ર મોદીએ ૨૦૧૪ની લોકસભા ચૂંટણી સમયે પોતાને ચા વાળો કહ્યા હતા. તેઓએ કહ્યું હતું કે નાનપણમાં તેઓ સ્ટેશન પર અને ટ્રેનોમાં ચા વેચતા તા. ચૂંટણી બાદ પણ તેઓ અનેકવાર પોતાને ચાવાળા તરીકે રજૂ કરતા રહ્યા છે. હાલમાં જ પીએમ મોદીએ ટ્વીટ કર્યું હતું, કોંગ્રેસને હજુ પણ આશ્ચર્ય છે કે એક ચાવાળો પીએમ બની ગયો. અને કોંગ્રેસની પીડાનું કારણ એ પણ છે કે ચાર પેઢીઓથી જે એકત્ર કરવામાં આવ્યું હતું, તે પૈસા હવે કેટલાક પરિવારો માટે નહીં પરંતુ જનતાના વિકાસ માટે ખર્ચ થઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, થોડાક દિવસો પહેલા વડાપ્રધાન મોદીના નાનપણ સાથે જોડાયેલી વાતોને લઈને એક ફિલ્મ 'ચલો જીતે હૈ' રિલીઝ થઈ હતી. આ ફિલ્મને રાષ્ટ્રપતિ ભવનથી લઈને મોદીના સંસદીય ક્ષેત્ર બનારસના સરકારી વિદ્યાલયોમાં પણ દર્શાવવામાં આવી હતી. ૩૨ મિનિટની આ ફિલ્મમાં એક 'નારૂ' નામના બાળકનું પાત્ર છે, જે પોતાની જિંદગીમાં ઘણો સંઘર્ષ કરે છે.

કોંગ્રેસ પરિવારવાદ અને તૃષ્ટિવાદનો પર્યાય છે

ભાજપ અયોધ્યામાં રામ મંદિર બનાવવા માટે કટિબદ્ધ : અમિત શાહ




જયપુર

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે જયપુરમાં કહ્યું કે, પાર્ટી અયોધ્યામાં રામ મંદિર બનાવવા માટે કટિબદ્ધ છે અને તે પોતાના આ સંકલ્પથી જરા પણ પાછળ નહીં હટે. તેની સાથે શાહે કોંગ્રેસ પર પ્રહારો કરતા કહ્યું કે, કોંગ્રેસ પરિવારવાદ અને તૃષ્ટિવાદનો પર્યાય છે. વંશવાદનું તેનાથી મોટું ઉદાહરણ બીજું શું હોઇ શકે કે કોંગ્રેસ પાર્ટી ભારત માતાનો સૂત્રોચ્ચાર રોકી સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની જય બોલાવશે.

જયપુરના એક ખાનગી સ્કૂલમાં રાજયની સાત વિભાગોના યુવાઓની સાથે સંવાદ કાર્યક્રમ 'યુવા રી વાત અમિત શાહ કે સાથ'ને સંબોધિત કરતા શાહે કહ્યું કે, જે લોકોને ભારત માતાની જય બોલવામાં શરમ આવે છે, તેમને આ ધરતીનું અન્ન ખાવામાં પણ શરમ આવવી જોઇએ. તેમણે કહ્યું કે, મુખ્યમંત્રી વસુંધરા રાજેની સરકારની ઉપલબ્ધિઓની વ્યાખ્યા કરવા માટે એક જ વાક્ય ઘણું છે- રાજસ્થાનમાં એવો એકે પરિવાર નથી જેનાથી રાજયની બીજેપી સરકારથી કોઇ લાભ થયો ન હોય. સમાજના દરેક વર્ગો સુધી વિકાસને પહોંચાડવા માટે અભૂતપૂર્વ કાર્ય વસુંધરા સરકારે કર્યું છે. તેમણે કહ્યું કે, દેશને ગઠબંધનના નેતૃત્વવાળી મજબૂર સરકાર નહીં, પરંતુ મોદીના નેતૃત્વવાળી મજબૂત સરકારની જરૂર છે. તે દરમિયાન અયોધ્યામાં રામમંદિર નિર્માણને લઇને પાર્ટીની પ્રતિબદ્ધતાના સવાલ પર શાહે કહ્યું, અયોધ્યામાં જયાં રામલલા બિરાજમાન છે, તેજ સ્થાન પર ભવ્ય રામ મંદિર બનેલું છે, તેના માટે ભારતીય જનતા પાર્ટી કટિબદ્ધ છે અને આ અમારો દેશને વાયદો છે. તેમાં એક ઇંચ પણ પાછળ હટવાનો કોઇ સવાલ જ ઉભો થતો નથી. શાહ અનુસાર, બીજેપીએ પોતાના ચૂંટણી ઢંઢેરામાં કહ્યું કે, તે આ મુદ્દાને લઇને ન્યાયિક સમાધાન ઇચ્છે છે અને ત્યાં જલ્દીથી રામ મંદિર બનાવવા માંગે છે.

અયોધ્યા-કાશી છોડો, પહેલા જામા મસ્જિદ તોડો : સાક્ષી મહારાજનું વિવાદિત નિવેદન



ઉન્નાવ

અયોધ્યામાં રામ મંદિર નિર્માણને લઈને દેશમાં રાજકીય નિવેદનોનો દોર સતત ચાલુ છે. ભાજપના સાંસદ સાક્ષી મહારાજ પણ આ મામલે નિવેદન કરી રહ્યાં છે. પરંતુ આ વખતે તેમણે બધાને પાછળ છોડી એક મોટું વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. ઉન્નાવમાં એક કાર્યક્રમમાં ભાગ લેવા પહોંચેલા ભાજપના સાંસદે દિલ્હીના જામા મસ્જિદને તોડવાની વાત કરી છે. તેમણે રામ મંદિરના નિર્માણને લઈને સુપ્રીમ કોર્ટ ઉપર પણ નિશાન સાધ્યું છે. આ સાથે જ સાક્ષી મહારાજે દાવો કર્યો છે કે ગમે તે કરવું પડે, પરંતુ ૨૦૧૯ની ચૂંટણી પહેલા રામ મંદિરનું નિર્માણ શરૂ કરી દેવામાં આવશે.

ઉન્નાવના નવાબગંજમાં એક કાર્યક્રમમાં સામેલ થયેલા ઉન્નાવના ભાજપ સાંસદ સાક્ષી મહારાજે કહ્યું કે રામ મંદિર મુદ્દે સુપ્રીમ કોર્ટના વલણની હું ટીકા કરું છું. તેમણે કહ્યું કે અનેક મહત્વના કેસોમાં સુપ્રીમ કોર્ટે ચુકાદા આપ્યા છે. પરંતુ કોર્ટ અયોધ્યા મુદ્દાને ટાળી રહી છે. સાક્ષી મહારાજે જામા મસ્જિદને લઈને વિવાદાસ્પદ નિવેદન આપતા કહ્યું કે અયોધ્યા, મથુરા, કાશી તો છોડો, દિલ્હીની જામા મસ્જિદ તોડો. જો ત્યાંની સીડીઓમાંથી મૂર્તિઓ ન નીકળે તો મને ફાંસીએ ચડાવી દેજો.

તેમણે કહ્યું કે મુઘલકાળમાં હિંદુઓના સન્માન સાથે રમત રમાઈ હતી. મુઘલકાળમાં મંદિરો તોડવામાં આવ્યાં અને મસ્જિદો બનાવવામાં આવી. સાક્ષી મહારાજે ઉન્નાવમાં કહ્યું કે જો ૧૦૦ કરોડ હિંદુઓની ઈચ્છા છે, ધર્માચાર્યોની ઈચ્છા છે, સંઘ પરિવારની ઈચ્છા છે કે અયોધ્યામાં ભગવાન રામનું ઝડપથી મંદિર બને.

આ ફેરી ત્રણ દિવસ બંધ રહેશે, મુસાફરોના પૈસા રિફંડ કરાશે

રો-રો ફેરી માટે ખરીદાયેલા કરોડોના જહાજમાં કૌભાંડની આશંકા



ભાવનગર

દહેજથી ઘોઘા જતી રોપેક્ષ ફેરી સર્વિસમાં યાંત્રીક ખામી સર્જાઈ છે. યાંત્રીક ખામી સર્જાવાના કારણે રોપેક્ષ ફેરી સર્વિસની સોમવાર સુધીની તમામ ટ્રીપો રદ કરવામાં આવી છે. મહત્વનું છે કે રો-રો ફેરીમાં પ્રવાસ કરવા માટે મુસાફરોએ પહેલાથી જ બુકિંગ કરાવ્યું હોય છે. ત્યારે આ ત્રણ દિવસ માટે જે મુસાફરોએ રો-રો ફેરીમાં પ્રવાસ કરવા માટે બુકિંગ કરાવ્યું છે તે તમામ મુસાફરોના પૈસા તેમને પરત આપી દેવામાં આવશે.

આ ફેરી સર્વિસમાં યાંત્રિક ખામી સર્જવાનો મામલે કૌભાંડની આશંકા સામે આવી છે. રોપેક્ષ ફેરીની સોમવાર સુધીની તમામ ટ્રીપ રદ કરાઈ છે. બુકીંગ થયેલા મુસાફરોને રિફંડ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે કાર્ગો ફેરીના સ્થાને ઈન્ડિગો વન જહાજ ચલાવવામાં આવશે.

૨૦ મિલિયન ડૉલરમાં ખરીદાયેલું જહાજ ૨૬ દિવસમાં ખોટકાયું છે. ઘોઘા દહેજ વોયેજ સિમ્ફની જહાજ ખરીદવામાં કૌભાંડની આશંકા દેખાઈ રહી છે. રૂ.૧૨૫ કરોડના ખર્ચે જહાજ ખરીદવામાં મોટા કૌભાંડની આશંકા છે. મહિનાઓ સુધી એક એન્જિનવાળા જહાજો પણ બંધ પડતા નથી.કારણ કે દરિયામાં મહિનાઓ સુધી એક એન્જિનવાળા જહાજ મુસાફરી ખેડે છે. ચીન હોય તો આટલી કિંમતમાં ઘોઘા – દહેજ વચ્ચે દરિયામાં બ્રીજ બાંધી દે તેવું લોકમુખે ચર્ચાએ વેગ પક્ચો છે.ઘોઘા-દહેજ રોપેક્ષ સેવાને વિઘ્નોનું ગ્રહણ સતત નડતુ રહ્યું છે. આ પ્રોજેક્ટ પાછળ ૩૦૦ કરોડ જેટલો ખર્ચ કરી દેવામાં આવ્યાં છે. તો પણ આ સેવાને કંઈને કંઇ પ્રશ્ન આવી જાય છે. આ સેવા માટેનું જહાજ વોયેજ સિમ્ફની ૨૦ મિલિયન ડોલર એટલે કે રૂપિયામાં જોઇએ તો આશરે ૧૨૫ કરોડમાં ખરીદેલું છે.ત્યારે તેમાં પણ ખામી આવવાને કારણે લોકોમાં ઘણી આશંકાઓ સેવાઈ રહી છે. આટલું મોંઘુ જહાજ ખરીદવામાં મોટા માથાઓએ કૌભાંડ આચર્યાની ચર્ચાએ લોકોમાં વેગ પકડ્યો છે.



બમરોલીમાં સગા પિતા દ્વારા ૧૧ વર્ષીય દીકરી પર બળાત્કાર : પિતાની ધરપકડ

નવ મહિના પૂર્વે સગા બાપે સગીર દીકરી સાથે દુષ્કૃત્ય કર્યું હતું

સુરત

પાંડેસરા બમરોલી રોડ ખાતે આજથી નવેક મહિના પહેલા પોતાના ઘરમાં ૧૧ વર્ષની સગીરા પર શારીરિક અડપલા કરી બળાત્કાર ગુજાર્યો હોવાનો બનાવ પાંડેસરા પોલીસ મથકમાં નોંધાતા ચકચાર મચી જવા પામી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પાંડેસરા બમરોલી રોડ પર એક શ્રમજીવી પરિવાર રહે છે. આ પરિવારમાં રહેતા સગા-પિતાએ આજથી નવેક મહિના પહેલા પોતાના ઘરમાં રાત્રિના સુમારે ૧૧ વર્ષની સગીર પુત્રીની સાથે શારીરિક-અડપલા કરી બળાત્કારી ગુજારી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયો હતો. મૂળ ઉત્તર પ્રદેશના અમેઠી જિલ્લાના વતની અને હાલમાં પાંડેસરા બમરોલી રોડ પર રહેતા ૩૫ વર્ષિય અને મકાન દલાલનું કામ કરતા સગાપિતાએ બળાત્કાર ગુજાર્યો હતો. જોકે નવ માસ દરમિયાન આ સગીરા પોતાના કાકાને ત્યાં અમેઠી જતી રહી હતી અને ત્યાં પણ પિતાએ શારીરિક અડપલા કરી બળાત્કાર કર્યો હતો. પાંડેસરા પોલીસ ગુનો નોંધી આરોપી આરોપી પિતાની ધરપકડ કરી હતી.



આજે ગુરુનાનકદેવજીની જન્મ જયંત અવસરે ભટાર ભટાર સ્થિત ગુરુ દ્વારા ખાતેથી ગુરુનાનક દેવજી શોભાયાત્રા યોજવામાં આવી હતી. શોભાયાત્રામાં જોડાયેલા શ્રધ્ધાળુઓ દ્વારા શોભાયાત્રાના માર્ગ પર પાણી છાંટી સફાઈ કરવામાં આવી હતી. શોભા યાત્રાના સમગ્ર રૂટ પર સ્વચ્છતા હાથ ધરવામાં આવી હતી.

અઠવાની સરકારી વસાહતના બે ક્વાર્ટસમાં રાત્રિ સમયે ચોરી

સુરત

અઠવાલાઈન્સ, નવિ કોર્ટની બાજુમાં આવેલ સરકારી કર્મચારી વસાહતના બે મકાનોમાં ત્રાટકેલા તસ્કરો રોકડ મળી કુલ રૂ.૨૮ ઝારની મત ચોરી ફરાર થઈ ગયા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર શહેરના અઠવાલાઈન્સ, નવિ કોર્ટની બાજુમાં આવેલ સરકારી કર્મચારી વસાહતમાં રાત્રી સમયે તસ્કરો ઘુસ્યા હતા અને રૂમ નંબર એફ/૧૨ તથા જી/૬ને ટાર્ગેટ કર્યા હતા, અનિલકુમાર દલસુખરાય ગાંધીના એફ/૧૨ નંબરના મકાનમાં ત્રાટકેલા તસ્કરોએ રોકડા રૂ. ૨૦,૦૦૦ ચોર્યા હતા ત્યારબાદ જી/૬ નંબરના મકાનના કબાટમાં રહેલા રોકડા રૂ. ૮,૦૦૦, ડોક્યુમેન્ટની ચોરી કરી હતી આમ બન્ને મકાનમાંથી કુલ્લે રૂ. ૨૮,૦૦૦ની મતા ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા હતા. ચોરીના બનાવ અંગે અનિલકુમાર ગાંધીએ ઉમરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.

સ્ટેશન નજીક ઓટોરિક્ષામાં મુસાફરના મોબાઈલની ચોરી

રિક્ષા લઈને ફરતી ચોર ટોળકીએ મોબાઈલ તફડાવી લીધો

સુરત

ફાલસાવાડી બીએસ એનએલ ઓફિસ પાસે એક વેપારી ઓટો રિક્ષામાં બેસી રેલવે સ્ટેશન તરફ જઈ રહ્યો હતો. ત્યારે રિક્ષા ચાલક તથા અંદર બેસેલા અન્ય એક ઈસમે રૂા.૧૨ હજારની કિંમતના મોબાઈલ ફોનની ચોરી કરી ફરાર થઈ ગયા હોવાનો બનાવ મહિધરપુરા પોલીસ મથકે નોંધાયો હતો.

ગતરોજ તેઓ વેપાર ધંધો કરી પોતાના ઘર તરફ ઓટો રિક્ષામાં બેસી ફરી રહ્યા હતા. ત્યારે રિક્ષા ચાલક તથા અજાણ્યા ઈસમે તેમના પેન્ટના ગજવામાંથી સીફૂતપૂર્વક રૂા.૧૨ હજારની કિંમતનો મોબાઈલ ફોન કાઢી લઈ ફરાર થઈ ગયા હતા.

બીજાના નામે બેન્ક એકાઉન્ટ ખોલાવી રૂા. ૭૫.૨૫ લાખનું ટ્રાન્જેકશન કરાયું

સુરત

સામાન્ય વ્યકિતના નામે બેન્ક એકાઉન્ટ ખોલાવી રૂા. ૭૫.૨૫ લાખનો નાણાકીય વ્યવહાર કરનાર ચીટર હર્ષિલ વિનુભાઈ પટેલ સામે લાલગેટ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. લાલગેટ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કતારગામ બાળાશ્રમ પાછળ વિશ્વકર્મા સોસાયટીમાં રહેતા કલ્પેશ રામજીભાઈ તરસરીયાએ આરોપી હર્ષિલ વિનુભાઈ પટેલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપી હર્ષિલ ફરિયાદી કલ્પેશ તરસરીયા નામનું પાનકાર્ડ તથા લાઈટબિલ છેડછાડ કરી રામપુરા દેનાબેન્કમાં ફરિયાદીની બોગસ સહિ કરી ખાતુ ખોલાવ્યું હતું. ત્યારબાદ સને ૨૦૧૩-૧૪થી સને ૨૦૧૬-૧૭ સુધીમાં આરોપીએ આ બેન્ક એકાઉન્ટ મારફતે રૂા. ૭૫,૨૫,૧૩૭નો નાણાંકીય વ્યવહાર કરી ઈન્કમટેક્ષ રિટર્ન ફાઈલ કર્યા હતા. લાલગેટ પોલીસે આરોપી હર્ષિલ પટેલ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આઈઆઈએફએલને એડવાઈઝરી સર્વિસીસ ફોર એનઆરઆઈ એવોર્ડ

દુબઈ બેસ્ટ ફાઈનાન્શિયલ અંગે એવોર્ડ

સુરત

નાણાકીય સેવાઓનો સમૂહઆઈઆઈએફએલ હોલ્ડિંગ્સ લિમિટેડની બ્રોકિંગ અને વિતરણ પાંખઆઈઆઈએફએલ સિક્યુરિટીઝ લિમિટેડને એનઆરઆઈ માટે તેની રોકાણો સેવાઓના સન્માનમાં યુએઈ- ઈન્ડિયા ઈકોનોમિક ફોરમ ૨૦૧૮ ખાતે બેસ્ટ ફાઈનાન્શિયલ એડવાઈઝરી સર્વિસીસ ફોર એનઆરઆઈઝ એવોર્ડ મળ્યો છે.

દુબઈમાં ૨૪મી ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ આયોજિત કોન્ફરન્સમાંઆઈઆઈએફએલના એનઆરઆઈ બિઝનેસના હેડ શ્રી ધર્મેશ દેસાઈએ એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો.

ભારત સૌથી ઝડપથી વૃદ્ધિ પામતા દેશમાંથી એક છેઅને આકર્ષક રોકાણ સ્થળ છે. આઈઆઈએફએલે ભારતની આ વૃદ્ધિની ગાથાના લાભ લેવા માટે તેમનાં રોકાણો સાથે એનઆરઆઈને ટેકો આપવા માટે મોટી છલાંગ લગાવી રહે છે. આઈઆઈએફએલ ગ્રાહકોનાં વિવિધ નાણાકીય લક્ષ્યો અને જોખમ ભૂખ અનુસારઈક્વિટી, મ્યુચ્યુઅલ ફંડ્સ, સ્ટ્રક્ચર્ડ પ્રોડક્ટ્સ, ઓલ્ટરનેટ ઈન્વેસ્ટમેન્ટ ફંડ્સ, રિયલ એસ્ટેટ અને રિયલ એસ્ટેટ ફંડ્સ, પોર્ટફોલિયો મેનેજમેન્ટ સર્વિસીસ અને લાઈફ એન્ડ હેલ્થ ઈન્શ્યુરન્સ સહિત વિવિધ રોકાણ તકો આપે છે.

ચેમ્બરના હોલમાં આયોજિત ફર્નિચર મેળામાં સ્ટોલવાળા દ્વારા છેતરપિંડી

કૃણાલ ઠક્કરે પેમેન્ટ લઈ સોફાની ડીલીવરી નહીં કરતા ફરિયાદ

સુરત

સરસાણા ખાતે યોજાયેલા ફર્નિચર મેળામાં સોફાનો ઓર્ડર આવ્યા બાદ સોફાની ડિલીવરી નહીં આપી રૂા. ૩૫ હજારની ઠગાઈ કરી હોવાની ફરિયાદ ખટોદરા પોલીસ મથકે નોંધાઈ હતી.

ખટોદરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વેસુ સેવન હેવન ખાતે રહેતા અમિતાબેન નીતિનભાઈ મહેતા સરસાણા ખાતે ચેમ્બર ઓફ કોમર્સના કન્વેનશન હોલમાં યોજાયેલા ફર્નિચર મેળામાં સોફાનો ઓર્ડર બુક કરાવ્યો હતો અને આરોપી દિનેશ, ઈમરાન, અબ્દુલભાઈ તથા માલિક કૃણાલ ઠક્કરના સ્ટોલ ઉપર રૂા. ૩૫ હજાર ચૂકવ્યા હતા. ત્યારબાદ વારંવાર ફોન કરવા છતાં પણ સોફાની ડિલીવરી નહીં કરી આરોપીઓએ વિશ્વાસઘાત -છેતરપિંડી કરી હતી. ખટોદરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

સચિનમાં સ્મશાન ભૂમિની પાસે દારૂના અડ્ડા પર પોલીસનો છાપો

રૂા. ૩.૮૨ લાખનો દારૂ પકડાયો : બુટલેગરો ફરાર

સુરત

ગોજા ગામની સીમમા આવેલ સમશાન ભૂમિની બાજુમાંની પડતર જગ્યામાં ધમધમતા દારૂના અડ્ડા પર સચિન પોલીસે દરોડા પાડી રૂ.૩.૮૨ લાખનો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો અને ભાગવામાં સફળ થયેલા બુટલેગરને વોન્ટેડ જાહેર કરાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સચિન પોલીસે ગઈકાલે સવારે બાતમી આધારે ગોજા ગામની સીમમા આવેલ.

ઝાંપાબજારમાં રહેતા વ્હોરા સમાજના

અગ્રણી વેપારી અબ્બાસ મિઠાઈવાલા પાસેથી ૧૮ લાખની ખંડણીની વસૂલી

કુખ્યાત વસિમ બિલ્લા વિરુદ્ધ વધુ એક વેપારીએ નોંધાવેલી ફરિયાદ

સુરત

કુખ્યાત વસીમ બિલ્લા સામે વધુ એક ફરિયાદ નોંધાઈ હતી. વેપારી અબ્બાસ મિઠાઈવાલાને મિલકત બાબતે જાનથી મારી નાખવાની ધમકી આપી ખંડણી પેટે રૂપિયા ૧૮ લાખ પડાવી લીધા અંગેની ફરિયાદ સલાબતપુરા પોલીસ મથકે નોંધાઈ હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ઝાંપાબજાર મોરકસ મહોલ્લામાં રહેતા અબ્બાસભાઈ ગુલામ હુશેન મિઠાઈવાલાએ આરોપી મોહંમદ વસીમ ઉર્ફે બિલ્લા ગુલામ શેખ, ઝહુર ઈસ્માઈલ કુરેશી (સૂર્યા ચિકન) એક અજાણ્યા વ્યકિત વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયાદી અબ્બાસભાઈ ઉપર નફીઝાબેનના મકાન બાબતે ખોટા શક રાખી મકાનની મેટરમાં વપરાયેલા રૂા. ૧૮ લાખ વસૂલ કરવાના ઈરાખદે ફરિયાદીને અવાર નવાર મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ ખંડણી પેટે રૂા. ૧૮ લાખની માંગણી કરી હતી અને બળજબરીથી રૂા. ૧૮ લાખ પડાવી લીધા હતા. આ બનાવ સંદર્ભે સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી પો.સ.ઈ. ડી.એમ. રાઠોડે તપાસ હાથ ધરી છે અત્રે નોંધનીય છે કે વ્હોરા સમાજની મિલકત બાબતે કુખ્યાત વસિમ બિલ્લા સહિતનાએ વ્હોરા સમાજના આગેવાન બદરી લેસવાલા ઉપર જીવલેણ હુમલો કર્યો હતો જેમાં આરોપી વસિમ બિલ્લાની ધરપકડ કરવામાં આવી હતી.



સુરત આરટીઓ દ્વારા દ્વિ ચકીય વાહનો માટે પસંદગીના નંબરની જાહેર હરાજી

સુરત

સુરતના પાલ સ્થિત આરટીઓ દ્વારા દ્વિ-ચકીય વાહનોના જીજે૦૫.જીએ સિરીઝના ૧ થી ૯૯૯૯ માટેના પસંદગીના નંબરોની ઓનલાઈન હરાજી કરવામાં આવશે. ઓનલાઈન હરાજીની અરજી તા.૨૬/૧૧/૧૮ થી તા.૨૯/૧૧/૨૦૧૮ દરમિયાન કરી શકાશે. જેમાં http:/parivahan.gov.in/fancy પર ઓનલાઈન ફોર્મ ભરી રજિસ્ટ્રેશન કરી પસંદગીના નંબરો મેળવવા.





જાન્યુઆરીમાં આવતા ઉત્તરાયણના તહેવારની તૈયારીઓ લગભગ બે માસ પૂર્વે સુરતમાં શરૂ કરી દેવામાં આવી છે. પતંગ પર્વ માટે સુરતનો માંજો જગવિખ્યાત છે એટલે પતંગ ઉડાવવા સુરતના માંજાની ભારે માંગ રહેલી હોવાને પગલે બે માસ પહેલાથી માંજા તૈયાર કરવાની શરૂઆત કરી દેવામાં આવી છે.

તાપી શુદ્ધિકરણ અંગે વરાછા ખાડીથી મીઠીખાડી સુધીનું પાઈપ લાઈન કાર્ય પૂર્ણ

પ્રથમ તબક્કામાં રૂા.૪૦૮ કરોડના પ્રોજેક્ટ ગ્રાન્ટ માટે કેન્દ્ર સરકારમાં રજૂ

સુરત

સુરત શહેરનો એકમાત્ર પીવાના પાણીનો સ્ત્રોત તાપી નદી છે. સુરત શહેરના પાછલા ૪૦ વર્ષોના અસાધારણ ઔદ્યોગિક વિકાસના પરિણામે શહેરની વસ્તી તથા વિસ્તારમાં આશરે ૪ ગણો વધારો થયો છે અને શહેરની વસ્તી આજે અંદાજે ૫૫ લાખની સંખ્યા પણ વટાવી ચૂકી છે. સુરત શહેરના અભૂતપૂર્વ વિકાસના ફળસ્વરૂપે તેની આસપાસના અનેક વિસ્તારોમાં નવા ઔદ્યોગિક એકમો સ્થપાયા છે તથા માનવ વસ્તીમાં પણ ખાસ્સો વધારો થયો છે. કાકરાપાર વિયરથી ઓએનજીસી બ્રીજ સુધીનાં વિસ્તારમાં અનેકવિધ ઉદ્યોગોને પરિણામે વિકસી રહેલ વિસ્તારોમાંથી વપરાશનું મેલું પાણી તથા કેટલેક ઠેકાણેથી ઔદ્યોગિક વપરાશના પાણીને પણ નિર્ધારીત ટ્રીટમેન્ટ કર્યા વગર તાપી નદીમાં સીધે સીધુ છોડવામાં આવી રહ્યું છે, જે તાપી નદીનાં પાણીની ગુણવત્તા ઉપર સીધેસીધી વિપરીત અસરો કરે છે તથા ભવિષ્યમાં આ પ્રક્રિયા શહેર તથા આસપાસના વિસ્તારનાં પીવાના પાણીના સ્ત્રોતની ગુણવત્તા સંદર્ભે લાલબત્તી સમાન જણાય છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા કાકરાપાર વિયરથી શરૂ કરીને ઓએનજીસી બ્રીજ સુધી (તાપી નદીના અરબી સમુદ્ર સાથે મિલનનું અંદાજીત સ્થળ) ના સમગ્ર ભાગ માટે રૂા.૯૪૧.૭૫ કરોડનાં અંદાજીત ખર્ચના માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. સદર માસ્ટર પ્લાન હેઠળ કાકરાપાર વિયરથી સુડાની હદ શરૂ થાય ત્યાં સુધીનો વિસ્તાર, સુડા વિસ્તાર અને સુરત મહાનગરપાલિકાનો વિસ્તાર એમ કુલ ૩ અલગ અલગ વિસ્તારો માટેનો સંકલિત માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવેલ, જે પૈકી સુરત મહાનગરપાલિકાનાં અંશતઃ વિસ્તાર તથા સુડાના વિસ્તારોને આવરી લેતો પ્રથમ તબક્કાનો અંદાજે રૂા.૪૦૮ કરોડનાં ખર્ચનો પ્રથમ તબક્કાનો ડીઆરપી રાજ્ય સરકાર મારફતે કેન્દ્ર સરકાર હસ્તકની સંસ્થા એનઆરસીપી સમક્ષ ગ્રાંટ મેળવવા માટે સાદર કરવામાં આવેલ છે.

આ પ્રથમ તબક્કાના ડીઆરપી હેઠળ વાલક ખાતેની ખાડી કે જેમાંથી અંદાજે ૯૬ એમએલડી અને વરાછા ખાડી કે જેમાંથી અંદાજે ૬૬ એમએલડી જેટલું ગંદુ પાણી તાપી નદીમાં ભળે છે. આ બંને ખાડીને ઈન્ટરસેપ્ટ કરી, તેના પાણીને મીઠીખાડીમાં ડાયવર્ટ કરી, દરિયામાં મોકલવાનું આયોજન છે. જેને માટે જરરી આરસીસી પાઈપ લાઈન લેઈંગ, પંપિગ સ્ટેશન, એમએસ રાઈઝીંગ મેઈન વગેરે કામોએ કુલ અંદાજીત ૩૨ કરો જેટલી રકમના ચાર ટેન્ડરો સુરત મહાનગરપાલિકા દ્વારા મંજૂર કરાવી કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જે પૈકી હાલ વરાછા ખાડીથી મીઠીખાડી સુધી ૧૮૦૦ મી.મી. વ્યાસની આર.સી.સી.ડબલ પાઈપ લાઈન નાંખવાની કામગીરી પૈકી સિંગલ પાઈપ લાઈનની કામગીરી પૂર્ણ કરી વરાછા ખાડીમાં ઉપરવાસમાંથી આવતુ પ્રદૂષિત પાણી મીઠીખાડીમાં ડાયવર્ટ કરવામાં આવેલ છે અને બાકીની એક લાઈનની કામગીરી પ્રગતિ હેઠળ છે. વાલક ખાડીથી વાલક સુએઝ પમ્પિંગ સ્ટેશન સુધી ૧૮૦૦ મી.મી. વ્યાસની કુલ ૭૫૦ મી. આર.સી.સી. પાઈપ લાઈન પૈકી ૨૮૦ મી. જેટલી પાઈપ લાઈન નાંખવામાં આવેલ છે

ડાંભા ગામે જયશિંગોડી માતાનો સાલગીરી ઉત્સવ

સુરત

ચલથાણ નજીક આવેલા ડાંભા ગામમાં આવેલા પૌરાણિક શિંગોડી માતાજીના મંદિરે કારતક વદ ત્રીજે તા.૨૫-૧૧-૨૦૧૮ના રોજ રવિવારે શિંગોડી માતાજી મંદિરનો સાલગીરી મહોત્સવનું આયોજન ડાંભા ગામના અગ્રણી હરીશભાઈ આહિર તથા રમેશભાઈ આહિર દ્વારા કરવામાં આવ્યું છે. શિંગોડી માતાજીના મંદિરે સાલગીરી ઉત્સવ સંદર્ભે છપ્પન ભોગ ધરાવી મહાપ્રસાદનો કાર્યક્રમ યોજાશે.

સુરત જિલ્લામાં એકતા યાત્રામાં ૧૬૦ જેટલા કાર્યક્રમ રજૂ કરાયા

વલસાડ

એકતાયાત્રાના બીજા તબક્કામાં સૂરત જિલ્લામાં યોજાયેલી એકતા રથયાત્રામાં યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને રમતગમત અધિકારી સૂરત દ્વારા વલસાડના કલાકાર ધીમંત મસરાણીને જનજાગૃતિના કાર્યક્રમો ફાળવવામાં આવ્યા હતા. તેમણે તેમની ટીમ સાથે એકતા રથયાત્રા સાથે ફરીને દેશભક્તિનાં ગીતો, રાષ્ટ્રીયતાને લગતી જાદુની આઈટમ, દેશભક્તિ નૃત્યો થકી સરદાર વલ્લભભાઇ પટેલની જીવનશૈલીની સમજણ આપતા ૧૬૦ જેટલા કાર્યક્રમો રજૂ કરી જનજાગૃતિ ફેલાવી હતી. તેમના દ્વારા કરાયેલા સુંદર કાર્યક્રમોના આયોજન બદલ તેમને પ્રમાણપત્રા આપી સન્માનિત પણ કરાયા હતા.

આર્ટીસ્ટિક જિમ્નાસ્ટીકમાં વિશાખા ધામેલીયાને બે સિલ્વર મેડલ મળ્યા

સુરત

કૌશલ વિદ્યાભવનમાં ધો.૧૧માં અભ્યાસ કરતી ધામેલિયા વિશાખા રાજેશકુમારે તા.૨૧-૧૧-૨૦૧૮ના રોજ મોટા ફોફળિયા, જિ.વડોદરા ખાતે યોજાયેલ ખેલ મહાકુંભમાં જિમ્નાસ્ટિકમાં ખૂબ ઉત્સાહથી ભાગ લીધો હતો. તેમાં અન ઈવનબાર અને બેલેન્સિંગ બીમમાં બે સિલ્વર મેડલ મેળવ્યા હતા. આજ સુધીમાં તે રાજ્ય કક્ષાએ ૬૫ મેડલ અને રાષ્ટીય કક્ષાએ ૧ મેડલ મેળવી ચૂકી છે. આ સિદ્ધિ મેળવવા બદલ કૌશલ વિદ્યાભવનના ટ્રસ્ટીશ્રીઓ, આચાર્યશ્રી અને શાળા પરિવારે ધામેલિયા વિશાખાને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા તેમજ ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહે તેવી શુભેચ્છાઓ પાઠવી છે. ધામેલિયા વિશાખા સૂર્યપુર વીર વ્યાયામ શાળામાં જિમ્નાસ્ટિકની તાલીમ લઈ રહી છે, તેના કોચ શ્રી રવિભાઈ તાંદલેકરનું માર્ગદર્શન સતત મળતું રહે છે.

મધ્યપ્રદેશ-રાજસ્થાનની ચૂંટણી માટે કારીગરોને સવેતન રજ આપવી પડશે

ગુજરાતમાં વસતા કર્મચારીઓ વતન જઈને મતદાન કરી શકે છે

વલસાડ

મધ્યપ્રદેશમાં તા.૨૮/૧૧/૨૦૧૮ અને રાજસ્થાનમાં તા.૭/૧૨/૨૦૧૮ ના રોજ વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે મતદાન યોજાનાર છે. જે અન્વયે ગુજરાત દુકાનો અને સંસ્થા અધિનિયમ હેઠળ શ્રમયોગીઓ કે કર્મચારીઓ મતદાનથી વંચિત ન રહે અને પોતાના વતનમાં જઈ મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ગ્રામીણ બેંકો, રાષ્ટ્રીય અને સહકારી બેંકો અને રાજ્ય તથા કેન્દ્ર સરકારની આવશ્યક સેવાઓ અંગેની કચેરીઓ રેલવે, ટેલીફોન, તાર અને પોસ્ટ તથા દુકાનો વાણિજ્ય સંસ્થાઓ, હોટલો, ઔદ્યોગિક એકમો, કારાખાનાઓ, ફેકટરીઓ, સરકારી હોસ્પિટલો, પોલીસ સ્ટેશનો, ફાયરબ્રિગેડ અને આવશ્યક સેવાઓ આપતી અન્ય સંસ્થાઓ / કચેરીઓને ઉક્ત તારીએ ચૂંટણીના દિવસે મતદાન માટે સવેતન રજા આપવા મદદનીશ શ્રમ આયુક્ત વલસાડ દ્વારા જણાવાયું છે.

ઉજ્જવલા યોજનાથી લાકડા-છાણા સળગાવી રસોઈ કરવાની રીત ભૂતકાળ બની : મંત્રી વસાવા

આજે ગ્રામ્ય વિસ્તારો માટે પણ પ્રદૂષણમુક્ત કુદરતી ગેસ સુલભ બન્યો છે : ઈશ્વરભાઈ પરમાર

સુરત

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે દેશભરના ૧૨૯ જિલ્લાઓને આવરી લેતા ૬૫ ભૌગોલિક વિસ્તારોમાં એકસાથે ડિજીટલ માધ્યમથી મહત્વાકાંક્ષી શહેરી ગેસ વિતરણ પ્રોજેક્ટના શિલાન્યાસ અંતર્ગત મહુવા તાલુકાના બામણીયા ગામે વન, પ્રવાસન અને આદિજાતિ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા અને સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમારની ઉપસ્થિતિમાં શહેરી ગેસ વિતરણ પ્રોજેક્ટનું ખાતમુહુર્ત યોજાયું હતું. આ વેળાએ વનમંત્રીના હસ્તે ખાતમુહુર્તની તકતીનું અનાવરણ કરાયું હતું.

વડાપ્રધાનશ્રી દ્વારા નવી દિલ્હી-વિજ્ઞાન ભવનથી ૯મા સીજીડી રાઉન્ડ હેઠળ ૧૨૯ જિલ્લાઓને આવરી લેતા ૬૫ ભૌગોલિક વિસ્તારોમાં સિટી ગેસ ડિસ્ટ્રીબ્યુશન પ્રોજેક્ટસના શિલાન્યાસ અને ૧૨૪ જિલ્લાઓને આવરતા ૫૦ ભૌગોલિક વિસ્તારો માટે ૧૦મા સીજીડી બિડીંગ રાઉન્ડના લોન્ચીંગ કાર્યક્રમના અવસરે મહુવાના બામણીયા ગામના નવચેતન ગ્રાઉન્ડ ખાતે આયોજિત સમરોહમાં ઉપસ્થિત મંત્રીશ્રીઓ, મહાનુભાવો અને નાગરિકોએ સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણને નિહાળ્યું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ લાકડાં અને છાણા સળગાવી રસોઈ કરવાની પ્રણાલીને ભૂતકાળ બનાવવા અને ગામડાંની માતા-બહેનોને ચૂલો ફૂંકવામાંથી મુક્તિ આપવાનો દ્રઢ નિર્ધાર કર્યો છે. જેનું ઉજ્જવલા યોજના અને સિટી ગેસ ડિસ્ટ્રીબ્યુશન પ્રોજેક્ટ જવલંત ઉદાહરણ છે. કેન્દ્ર અને રાજ્ય સરકારનું ઘરે ઘરે પાઈપલાઈનથી ગેસ પહોંચડવાના લક્ષ્યને આ પરિયોજનાથી નવું બળ મળ્યું છે.

અદાણી ગેસ કંપની દ્વારા આ વિસ્તારમાં પ્રોજેક્ટની કામગીરી પૂર્ણ થયા બાદ શહેર નજીકના ગામડાંઓમાં તેમજ જિલ્લાના તાલુકા વિસ્તારમાં પાઈપલાઈનથી ગેસ સુવિધા મળી રહેશે. જેમ નળ શરૂ કરતા જ પાણી આવે છે એ રીતે સુરત જિલ્લામાં પણ સહેલાઈથી ગેસ મળતો થશે એમ તેમણે ગૌરવસહ જણાવ્યું હતું. સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ઈશ્વરભાઈ પરમારે પ્રાસંગિક ઉદબોધન કરતાં જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશીથી આજે ગામડામાં વસતાં નાગરિકને કુદરતી ગેસ સુલભ બન્યો છે. અદાણી ગેસ કંપનીને ગેસ વિતરણની જવાબદારી સોંપવામાં આવી છે, જે આ વિસ્તારની ગેસ જરૂરિયાતને પહોંચી વળશે અને રાજ્યને પ્રદૂષણમુકત બનાવવા સહયોગી બનશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. જિલ્લામાં ડોમેસ્ટીક અને ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં પણ પાઈપલાઈન મારફતે ગેસ વિતરણ કરવામાં આવનાર હોવાનું તેમણે કહ્યું હતું. સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાએ સિટી ગેસ ડિસ્ટ્રીબ્યુશન પ્રોજેક્ટ ગ્રામ્યવિસ્તારોની કાયાપલટ કરશે એવો વિશ્વાસ કરતાં જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશનું સુકાન સંભાળ્યા પછી ગ્રામ્ય ક્ષેત્રને સવિશેષ પ્રાધાન્ય આપ્યું છે. પ્રાકૃત્તિક ગેસ એ આપણા જીવનનો અભિન્ન ભાગ બન્યો છે, ત્યારે ગામડાના છેવાડાના માનવી માટે શહેર સમકક્ષ આર્થિક પ્રગતિ માટેનો માર્ગ ખૂલ્યો છે.

મૂકબધિર યુવક-યુવતીઓ માટે ભૂજમાં જીવનસાથી પસંદગી મેળો

વલસાડ

દેશભરના બધિર યુવક-યુવતીઓ માટે ભૂજ ખાતે તા.૧૩મી ડિસેમ્બર, ૨૦૧૮ને ગુરુવારના રોજ ટાઉનહોલ ખાતે જીવનસાથી પસંદગી મિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે.

કચ્છ જિલ્લા પ્રશાસન અને ભારત બધિર મિત્ર મંડળ (હરીશ ઘેલાણી) વાપી દ્વારા આયોજિત આ સમારંભમાં આવનાર દરેક લાભાર્થીઓને વિનામૂલ્યે પ્રવેશ ઉપરાંત ચા-કોફી-નાસ્તો અને ભોજન પણ વિનામૂલ્યે મળશે.

ભૂજ ખાતે યોજાનારા આ સમારંભમાં આવનારી દરેક બધિર લાભાર્થી યુવતીઓને આયોજકો દ્વારા રૂા.૨૦૦૦/- ઈનામ સ્વરૂપે આપવામાં આવશે.

લાભાર્થીઓને બાયોડેટા સાથે આર્ટ પેપર પર મલ્ટી કલરમાં છપાયેલી બુક પણ વિનામૂલ્યે અપાશે. પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફસ, મોબાઈલ નંબર અને સંપૂર્ણ બાયોડેટા સાથે ૧૪, મા આશાપુરા કોમ્પ્લેક્ષ, આશાપુરા મંદિર પાસે, ભુજ-કચ્છનો રૂબરૂ તેમજ વધુ જાણકારી માટે મોબાઈલ નંબર ૯૫૫૮૮૮૫૫૩૩ ઉપર સંપર્ક સાધવા સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.





